
## નવરાત્રી દરમિયાન શક્તિની ઉપાસનાનાં ભાગરૂપે રાસગરબામાં જનાર બહેન-દિકરીઓને સુરક્ષા માટે તકેદારીનાં પગલાઓ

# અમરેલી જિલ્લામાં પાર્ટી પ્લોટો ઉપર બજરંગ દળ તૈનાત

### બજરંગ દળના જિલ્લાનાં પ્રભારી વિજય દેસાઈના માર્ગદર્શન અને જિલ્લા સંયોજક વિદુર ડાબસરા આગેવાનીમાં બજરંગ દળના યુવાનો દ્વારા હેલ્પલાઇન તૈયાર કરાઇ

### પાર્ટી પ્લોટના આયોજકોને ટકોર : નવરાત્રી નવદુર્ગાનું આહવાન કરવા માટે છે આ તહેવાર હિન્દુ સંસ્કારની પરંપરાને શોભે તે રીતે ઉજવવા અનુરોધ

ચિતલ,(વિજય દેસાઈ)અમરેલી જિલ્લા બજરંગ દળ ડવરા વિશ્વ હિન્દુ પરિષદ ના માર્ગદર્શન હેઠળ તહેવાર એટલે નવરાત્રિ ના આરાધના અને ગરબાના આડ માં નવરાત્રી નો ખોટો લાભ લઈ હિન્દુયુવતીઓ લવજેહાદનોશિકારબને છે બજરંગ દળ પ્રભારી વિજય દેસાઈ ના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા સંયોજક વિદુર ડાબસરાનીઆગેવાનીમાં બજરંગ દળનાં કાર્યકર્તાઓનેપાર્ટીપ્લોટ, ગરબી મંડળ વગેરે અલગ અલગ જગ્યાએ એ જ્યાં લવ જેહાદ માટે ફસાવવા માટેના સ્થળ અને ત્યાં બજરંગ દળ ચાપતી નજર રાખશે. તેમજ પાર્ટી પ્લોટના આયોજકોને પણ જાણ કરવામાં આવેલ છે કે નવરાત્રી નવદુર્ગા નુ આહવન કરવા માટે છેઆ તહેવાર હિન્દ સંસ્કાર ની પરંપરાને શોભે પ્રમાણે સૌને કાર્યકમો નું આયોજન કરવા આહવાન કરવામાં આવેલ છે હિન્દુ ધર્મની નવરાત્રીમાં અશ્લીલતા નો ફેલાઈ માટે ખાસ કરીને ગંભીરતાપૂર્વકબજરંગદળ તેનો વિરોધ કરશેએમબજરંગદળનાજિલ્લાસંયોજક યાદીમાંજણાવે વધુમાંજણાવે છે કેહિન્દુ દીકરીઓને કોઈ હેરાન કરતું હોય કનડગત કરતુ હોય, કોઈ ભોગ ના બને તેમ સતર્ક રહેવું. મદદ માટે જરૂર પડ્યે બજરંગદળનાહેલ્પલાઈનનંબરવિદુર ડાબસરા ૯૬૩૮૭ ૮૪૪૮૪ અને મહાવિર વીંછિયા ૯૭૧૪૧ ૪૦૦૦૬૫૨ સંપર્ક કરવા જણાવેલ છે. તેમજ પોલીસ ડિપાર્ટમેન્ટ પણ ચુસ્ત બંદોબસ્તરાખેઅનેપેટ્રોલિંગપણવધારે જેથી તેહવાર માં કોઈ અનિચ્છનિય ઘટના નો બને તેમ નિવેદનમાં જણાવેલ છે.



ॐ देवी शैलपुत्र्यै नमः ॥ वन्दे वाञ्छितलाभाय
चन्द्रार्धकृतशेखराम् । वृषारूढां शूलधरां शैलपुत्रीं यशस्विनीम् ॥

### અમરેલીમાં ૨૦૦૬માં દેરાણી-જેઠાણીએ જીવતા જગતીયું કરી પોતાની મરણોતર વિધિ જાતે જોઇ હતી : શ્રી ગોવિંદકાકા ધોળકીયા અંબામાં ના દર્શન કરવા આવેલ

# ૧૦૮ વર્ષના શ્રી અંબામાની વિદાય : આજે અનોખી અંતિમ યાત્રા

### શ્રી વિઠલભાઇ બાંભરોલીયાના માતુશ્રી અને જીવતા જગતીયું કરનાર અંબામા શહેરમાં સૌથી મોટી વયના નાગરિક હતા : આજે ગુરુવારે સવારે અંતિમયાત્રા

### પ્રથમ નોરતાના દિવસે અંબામાને અંબામાના ધુન સાથે ડીજેના તાલે સૌ વિદાય આપશે : પરિવાર સહિતની મહીલા, બાળકો સ્મશાને જઇ અને નવો ચીલો પાડશે





૧૦૮ વર્ષના શ્રી અંબામાની વિદાય બાદ શ્રી વિઠલભાઈ બાંભરોલીયા પરિવાર દ્વારા આજે અનોખી અંતિમ યાત્રાનું આયોજન કરાયુંછે. શ્રીવિઠલભાઈબાંભરોલીયાના માતુશ્રી અને જીવતા જગતીયું કરનાર અંબામા શહેરમાં સૌથી મોટી વયના નાગરિક હતા . આજે ગુરુવારે સવારે અંતિમયાત્રામાં પ્રથમ નોરતાના દિવસે અંબામાનેજગદંબાપુજયશ્રીઅંબામાના ભજનની ધુન સાથે ડીજેના તાલે સૌ વિદાય આપશે અને તેમાં પરિવાર સહિતની મહીલા,બાળકો સ્મશાને જઈ અને નવો ચીલો પાડશે.



અમરેલી, (ડેસ્કરિપોર્ટર)

અમરેલીના મહિલા ગૃહ ઉદ્યોગ વાળા શ્રી વિઠલભાઈ બાંભરોલીયાના માતૃશ્રી અને અમરેલીના સૌથી મોટી વયના શ્રી અંબામાનું ૧૦૮ વર્ષની વયે નિધન થયું છે. બુધવારે શ્રી અંબામાએ વિદાય લીધી છે અને આજે ગુરૂવારે સવારે ૮ વાગ્યે તેમની અંતિમ યાત્રા રાખવામાં આવી છે.

અમરેલીમાં આજથી ૧૮ વર્ષ પહેલા ૨૦૦૬માં દેરાણી-જેઠાણી એટલે કે શ્રી સંતોકબેન ભવાનભાઈ બાંભરોલીયા અને તેમના દેરાણી શ્રી અંબાબેન કરશનભાઈ બાંભરોલીયાએ જીવન અમૃત મહોત્સવ ઉજવી સ્થાનિક ભાષામાં જીવતા જગતીયું કરી પોતાની મરણોતર વિધિ જાતે જોઈ હતી ત્યાર બાદ શ્રી સંતોકમાંએ વિદાય લીધી હતી. અને શ્રી અંબામાંએ જીવતા જગતિયા પછી હરતા ફરતાં ૧૮ વર્ષ પાર કર્યા હતાં. બે વર્ષ પહેલા જયારે તે પડી જતાં તેમના ગોળાનું ઓપરેશન ૧૦૬ વર્ષની ઉંમરે થયુંહતું અને ત્યારે રાજય સભાના સાંસદ અને ઉદ્યોગપતિ એવા શ્રી ગોવિંદકાકા ધોળકીયા અંબામાં ના દર્શન કરવા આવેલ હતાં.

### રાજુલા-જાફરાબાદ-ખાંભા વિધાનસભા બેઠકમાં માર્ગોની કાયાપલટ થશે

# ખાંભાનાં ત્રણ માર્ગો માટે રૂા. 3 કરોડ મંજુર કરાયાં

### ત્રાકુડા, ડેડાણ, હનુમાનપરા રોડ મંજુર થતા લોકોમાં ખુશીનો માહોલ

રાજુલા, (કનુભાઈ વરૂ) ખાંભા તાલુકાના ત્રણ અલગ અલગ રસ્તાઓ મંજૂર કરવામાં આવતા અને ત્રણ કરોડની રકમ ફાળવવામાં આવતા ગ્રામજનોમાંઆનંદનીલાગણીપ્રસરીજવાપામી છે. જાણવામળતીવિગતમુજબખાંભાતાલુકાના વિવિધ આગેવાનો દ્વારા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સમક્ષ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ બનાવવા માટે ભાવેશભાઈ જાદવ રમેશભાઈ ઘનશ્યામભાઈ તેમજ ખાંભા તાલુકા કોળી સમાજના પ્રમુખ અને માજી એસટી સલાહકારબાબુ ભાઈ મકવાણા સહિતના આગેવાનોએ રજૂઆત કરી હતી. જેના અનુસંધાને ત્રાકુડા વાગદરા રોડ ૯૦ લાખ રૂપિયા દંડલી હનુમાનપુર રોડ ૭૦ લાખ રૂપિયા અને ડેડાણ એપ્રોચ રોડ ૧૫૦ લાખના ખર્ચે કુલ ત્રણે રોડ ત્રણ કરોડના ખર્ચે સુવિધા પથ હેઠળ મંજૂર કરવામાં આવતા ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. રાજુલા ના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ અમરેલી જિલ્લાભાજપ આગેવાન રવુભાઈ ખુમાણસહિતનાએ હજુ પણ અસંખ્ય રસ્તાઓની રજૂઆત સરકારમાં કરી છે આગામી ટૂંક સમયમાં અન્ય રસ્તાઓ પણ આ વિસ્તારમાં મંજૂર કરવામાં આવશે.

બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ
આયશર 188 (મીની) ટ્રેક્ટર
ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ
ગર્વમેન્ટ સબસીડી માન્ય



● પાવરફુલ એરકુલ્ડ એન્જીન
● ૧૦ સ્પીડ ગિયરબોક્સ
● તેલમાં ડુબેલી બ્રેક્સ
*શરતોને આધિન
રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર



સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુ:ખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભંગદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૬૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૬૯૮૪૬
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૦૭૫

શ્રધ્ધાંજલી

પરિવારનો આધાર, લાગણીનો દરિયો, મમતાની મૂરત
એવી અમારી મા ભલે આજે દેહ સ્વરૂપે નથી
પરંતુ એમના સંસ્મરણો સદાય અશ્રુઓ સાથે આજીવન તલસતા રહેશે...



સ્વ. અંબાબેન કરશનભાઈ બાંભરોલીયા
સ્વ. તા. ૦૩/૧૦/૨૦૨૪

અમારા બાંભરોલીયા પરિવારના ''અંબામા'' એ ૧૦૯મી નવરાત્રીની પૂર્વ સંધ્યાએ પરમ શાંતિથી દેહ છોડ્યો છે. પોતાના ૧૦૮ વર્ષના જીવનકાળમાં જ પોતાની પાંચ પેઢી જોવાનું જેમને સદ્‌ભાગ્ય મળેલ તેમની હયાતી દરમ્યાન જ ૨૦૦૬માં અમારા પરિવારે જીવન અમૃત મહોત્સવની ઉજવણી કરી તમામ લૌકિક વિધિ પૂર્ણ કરેલ છે.

જેમણે પોતાનું સમગ્ર જીવન વિરક્તભાવે પસાર કરેલ તેવા અમારા માતુશ્રીએ પોતાનો દેહ પણ સહજતાથી ત્યાગ કર્યો તેને અમારા પરિવારની પુણ્યાઈ ગણીએ છીએ.

આ પવિત્ર આત્માને શ્રધ્ધાંજલિ આપવાનો ઉપક્રમ તા. ૬ ઓક્ટોબર ૨૦૨૪, રવિવારે બપોરે ૩ થી ૬ દરમ્યાન હનુમાનપરા સ્થિત અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

લી. બાંભરોલીયા પરિવાર-અમરેલી

શામજીભાઈ કરશનભાઈ બાંભરોલીયા મો. ૯૪૨૬૩ ૨૫૯૪૧
વિઠ્ઠલભાઈ કરશનભાઈ બાંભરોલીયા (મહિલા ગૃહ ઉદ્યોગ) મો. ૭૮૭૮૭૮ ૫૫૫૫

ગોપાલભાઈ શામજીભાઈ બાંભરોલીયા * ધર્મેશભાઈ શામજીભાઈ બાંભરોલીયા * પુનિત વિઠ્ઠલભાઈ બાંભરોલીયા
શુભમ ગોપાલભાઈ બાંભરોલિયા * આરાધ્ય પુનિત બાંભરોલીયા * હરિકૃષ્ણ ધર્મેશ બાંભરોલીયા
મનજીભાઈ ભવાનભાઈ બાંભરોલીયા * પ્રેમજીભાઈ ભવાનભાઈ બાંભરોલીયા * સ્વ. નાગજીભાઈ ભવાનભાઈ બાંભરાલિયા
જેરામભાઈ ભવાનભાઈ બાંભરોલીયા (વિરાર, મુંબઈ) * જીવનભાઈ લાલજીભાઈ બાંભરોલીયા * સ્વ. ધીરૂભાઈ કરમશીભાઈ બાંભરોલીયા
મનસુખભાઈ કરમશીભાઈ બાંભરોલીયાવરમેશભાઈ વાલજીભાઈ બાંભરોલીયા * સુરેશભાઈ કનુભાઈ બાંભરોલીયા
નલિનભાઈ કનુભાઈ બાંભરોલીયા * ચતુરભાઈ મનજીભાઈ બાંભરોલીયા * રમેશભાઈ મનજીભાઈ બાંભરોલીયા (રાધે પાન)
દિપકભાઈ નાગજીભાઈ બાંભરોલિયા (ગાંધી શિલ્પ) * જીતુભાઈ પ્રેમજીભાઈ બાંભરોલીયા (અમરેલી)
હરિભાઈ લાલજીભાઈ બાંભરોલીયા (હરિ ડેરી ફાર્મ) * કેતનભાઈ નાગજીભાઈ બાંભરોલિયા (ગાંધી શિલ્પ)
જીજ્ઞેશભાઈ જેરામભાઈ બાંભરોલીયા (મુંબઈ) * ભાવેશભાઈ પ્રેમજીભાઈ બાંભરોલીયા (અમરેલી) * હિમેશભાઈ જેરામભાઈ બાંભરોલીયા (મુંબઈ)

મકાન વેચવાનું છે
2BHK પોણો વસો, 115 વાર
ત્રણ બાજુ રસ્તા ધરાવતુ
મકાન વેચવાનું છે જમીનનાં ભાવે
દલાલ ભાઇઓ આવકાર્ય
લીલીયા રોડ, રઘુનાથ-૫૮, અમરેલી
મો.૮૨૦૦૮ ૦૬૨૭૪

મકાન વેચવાનું છે
સ્ટેશન રોડ ઉપર, હાઉસીંગ બોર્ડ સોસાયટીમાં કોર્નરનું પ્લોટ એરીયા અડધા વસો, ૪ રૂમ, ૨ કિચન, ૨ ટોઇલેટ બાથ, બાલકની પેસેજ, વોશ એરીયા ફર્નિચર સાથે બે માળનું
મો.૭૬૨૨૯૬૯૬૩૮

ચાલુ સિઝનમાં મેઘરાજા મન મુકીને વરસ્યાં : ગત વર્ષ કરતા ૭.૬ ટકા વધુ વરસાદ નોંધાયો : દેશભરમાં ૯૪.૮ મીમી વરસાદ

અમરેલીનું ગૌરવ
હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં



કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag
Easy to Cruise



દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

સિક્યુરીટી ફિલ્ડ ઓફીસરની જરૂર છે
સેલેરી ૨૨ હજારથી ૩૦ હજાર
લોકેશન : શાપર-વેરાવળ, મેટોડા, મોરબી, રાજકોટ
સંપર્ક: મો.૯૮૨૫૩ ૨૬૩૦૮, ૯૧૦૪૦ ૪૧૩૩૩



સિક્યુરીટી ગાર્ડની જરૂર છે
સેલેરી ૧૨ હજારથી ૧૫ હજાર
Facility foods & Rooms
(P.F., Esic Gow.Facility)
મો.૮૭૩૫૦ ૦૫૬૬૬, ૮૭૩૫૦ ૦૪૯૯૯

શ્રી ક્રિષ્ના પેસ્ટ કંટ્રોલ
ઉધઈ થી બચો



ઉધઈની ટ્રીટમેન્ટ કરી આપનાર
પ્રિન્સભાઇ : ૮૭૮૦૬ ૫૪૯૬૨, ભાવેશભાઇ : ૯૯૨૫૭ ૫૦૩૪૧

ઓઇલ મીલ ભાડે આપવાની છે
અમરેલી લાઠી, રીલાયન્સ પેટ્રોલ પંપની પાસે આવેલ
રાજલક્ષ્મી ઓઇલ મીલ
(ચાલુ કન્ડીશન) ભાડે આપવાની છે
સંપર્ક :- મો. ૯૪૨૬૨ ૧૯૭૪૭

## દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાચીન અર્વાચિન રાસોત્સવ

# અમરેલી પોલીસ હેડક્વાર્ટરમાં ખેલૈયાઓ ઝુમી ઉઠશે

### અમરેલી પોલીસ હેડકવાટર ખાતે ગરબીમાં લોકગાયક પુનમ ગોંડલીયા અને વિમલ મહેતા રાસ ગરબાની રમઝટ બોલાવશે



### નવરાત્રીના પર્વ નિમિતે નવે નવ દિવસ રાસ ગરબાની મોડે સુધી રંગત જામશે

### અમરેલી જિલ્લા પોલીસ પરિવાર દ્વારા આયોજીત નવરાત્રી મહોત્સવ-૨૦૨૪ મનાવવા લોકોમાં અનેરો થનગનાટ છવાયો

અમરેલી,

અમરેલી પોલીસ હેડકવાટર ખાતે દર વર્ષે અમરેલી જિલ્લા પોલીસ પરિવાર દ્વારા પ્રાચીન અર્વાચિન રાસ ગરબાની રમઝટ બોલે છે તે પરંપરા મુજબ નવરાત્રી મહોત્સવ ૨૦૨૪નું તા. ૩ થી ૧૧ ઓકટોમ્બર દરમિયાન આયોજન થતાં નવે નવ દિવસ માં શકિતની આરાધના સાથે દાંડીયારાસની રમઝટ બોલશે જેમાં લોક ગાયક પુનમ ગોંડલીયા અને વિમલ મહેતાની ટીમ દ્વારા ખેલૈયાઓને ઝુમાવાશે. પોલીસ પરિવાર દ્વારા ગરબી માટે ભારે થનગનાટ સાથે તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. શહેરની શાન સમી પોલીસ લાઇન ગરબી મંડળમાં ઠેર ઠેરથી જનમેદની ઉમટી પડશે. નવરાત્રી મહોત્સવ અંગે લોકોમાં પણ ભારે ઉત્કંઠા જોવા મળે છે.

# સાવરકુંડલાનાં ખડસલીમાં હુમલાનાં બનાવમાં આરોપી પિતા પુત્ર ઝડપાયાં

### હુમલાખોર સામે ગુનો નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી



સાવરકુંડલા, (સૌરભ દોશી)સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે પંચાયતનો પાણીનો સંપ બનાવવા ગામના ધોળીયા કુવા પાસે આવેલ ખુલ્લી જગ્યામાં સરપંચ પતિ ચેતનભાઈ છગનભાઈ માલાણી જેસીબી સાથે જગ્યા સરખી કરાવતા હોય ત્યારે ખડસલી ગામના જ વજાભાઈ જગાભાઈ અને દેવરાજભાઈ વજાભાઈ જોગરાણા બાઈક લઈ તે જગ્યા ઉપર આવ્યા અને એવું કહ્યું કે આ જગ્યા અમારી છે અહીંયા પાણીનો સંપ બનાવવાનો નથી ત્યારે આ બાબતે ચેતનભાઈ અને બંને આરોપી સાથે વાતચીત ઉગ્ર બની થઈ અને બાપ દીકરા બંને લાકડી અને પાઈપ જેવા હથિયારો વડે મરણપુર માર માર્યો જેથી માથાના ભાગે હાથના ભાગે પગના ભાગે અને પીઠના ભાગે ગંભીર ઈજા થતાં ચેતનભાઈ ને પ્રથમ સાવરકુંડલા ત્યારબાદ અમરેલી અને વધુ સારવાર માટે ભાવનગર હોસ્પિટલ એ દાખલ કરવામાં આવ્યા છે આ બંને પિતા પુત્રને સાવરકુંડલા તાલુકા પોલીસે પકડી પાડી પૂછપરછ હાથ ધરી છે અને બંને વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

# અમરેલી કુંકાવાવનાં ૧૩ ગામોનાં રસ્તાઓ માટે ૧૩ કરોડ ૫૦ લાખ મંજુર

### ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયાની રજુઆતથી કામો મંજુર થતા આગામી દિવસોમાં કામ શરૂ કરાશે



અમરેલી,

ગુજરાત વિધાનસભાના નાયબ દંડક અને અમરેલી વિધાનસભાના જાગૃત ધારાસભ્ય કૌશિક વેકરિયા રાજ્ય સરકારને જિલ્લાના સર્વાંગીણ વિકાસ માટેની રજૂઆતો સતત ભારપૂર્વક કરતા આવ્યા છે. જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓ અને સુવિધાપથના વિવિધ ગામોના વિકાસકામો બાબતે ધારાસભ્યશ્રીએ રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરતા રાજયના મુખ્યમંત્રીશ્રી દ્વારા કુલ ૧૩ ગામનાં ૧૩ કરોડ ૫૦ લાખના કામોને મંજૂરી દીધી છે.

જેમાં ગીરીયાપરા એપ્રોચ રોડ ૨ કરોડ, કેરીયાચાડ એપ્રોચ રોડ ૪૦ લાખ, શંભુપરા એપ્રોચ સુવિધાપથ ૩૦ લાખ, સોનારીયા સુવિધાપથ ૪૫ લાખ, જાળીયા સુવિધાપથ ૨ કરોડ ૧૦ લાખ, મેડી સુવિધાપથ ૮૫ લાખ, તરવડા સુવિધાપથ ૯૦ લાખ, બાબાપુર સુવિધાપથ ૧ કરોડ ૯૫ લાખ, સરંભડા વિલેજ પોર્શન ૬૦ લાખ, મોટા માંડવા વિલેજ પોર્શન ૫૫ એપ્રોચ રોડ ૨ કરોડ ૩૦ લાખ, ખજુરી રણુજાધામ રોડ ૨૫ લાખ, અને ખજુરી પ્રાથમિક શાળાથી મેઘાપીપળીયા રોડ સુધી રોડ ૮૫ લાખ એમ કુલ ૧૩ કામો મળીને રૂપિયા ૧૩ કરોડ ૫૦ લાખના કામો મંજૂર કરવામાં આવેલ છે. આમ ઉપર મુજબના ગામોને સ્પર્શતા રસ્તાને લગતા કામો મંજૂર થવાથી આગામી દિવસોમાં આ કામો હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

# ઇકોસેન્સેટીવ ઝોનનાં કાયદામાં સુધારો કરો : શ્રી કાછડીયા

### કાયદાનું વન વિભાગનાં અધિકારીઓ મનસ્વી અર્થઘટન કરશે તો ખેડુતોની મુશ્કેલી વધશે



અમરેલી,

અમરેલીના પૂર્વે સાસદ અને ૧૦૮ તરીકેની ઉપમા ધરાવનાર નેતા શ્રી નારણભાઈ કાછડીયાએ ભારત સરકાર દ્વારા લાગુ કરવામા આવેલ ઈકો સેન્સેટીવ ઝોનના ગેજેટ/કાયદામા લોકહીત અને ખેડૂત હીત માટે જરૂરી સુધારા/ફેરફાર કરવા બાબતે મુખ્યમત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને વન મત્રી શ્રી મુળુભાઈ બેરાને પત્ર પાઠવી રજૂઆત કરેલ છે.

પૂર્વે સાસદ શ્રી નારણભાઈ કાછડીયાના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને જલવાયુ પરીવતેન મત્રાલય દ્વારા ગત તા. ૧૮/૦૯/૨૦૨૪ના રોજ ઈકો સેન્સેટીવ ઝોન અગેનુ જાહેરનામુ બહાર પાડવામા આવેલ છે. જેમા અમરેલી, ગીરસોમનાથ અને જૂનાગઢ જીલ્લાના કુલ ૧૯૬ ગામ/શહેર નો સમાવેશ થયેલ છે. જેમાથી અમરેલી જીલ્લાના તાલુકાના ૨૯, ખાભા તાલુકાના ૩૬ અને સાવરકુડલા તાલુકાના ૦૭ એમ કુલ ૭૨ ગામોનો સમાવેશ થયેલ છે. આ ત્રણેય તાલુકાઓમા વનક્ષોત્ર અને ગૈર વનક્ષેત્ર મળી અદાજીત ૭૭,૮૮૨ હેકટર જેટલા વિસ્તારનો ઈકો સેન્સેટીવ ઝોનમા સમાવેશ થયેલ છે.

આ ગેજેટમા ભુમિ ઉપયોગ, કુદરતી જળસ્ત્રોત, પયેટન, પ્રાકૃતિક વિરાસત, માનવ નિર્મિત વિરાસત સ્થળ, ધ્વનિ વાયુ પ્રદુષણ, ઉદ્યોગો વગેરે જેવા એકમોમા વિકાસ કાર્યો કરવા માટે વન વિભાગની જરૂરી મજુરી મેળવવી પડશે તેવા દિશાનિર્દેશ જણાવવામાં આવ્યા છે. આ કાયદાઓનુ વન અધિકારીઓ દ્વારા મનસ્વી અર્થઘટન કરવામા આવશે અને જેના લીધે ઈકો ઝોનમા સમાવિષ્ટ ગામો, શહેરો, વસાહતોમા વસવાટ કરતા લોકો અને ખેડૂતોને ખુબ જ મુશ્કેલીઓ પડશે. વર્તમાનમા ફોરેસ્ટ એરીયામા આવતા ગામો/વિસ્તારમા ખેડૂતોને વન વિભાગની મજુરી ન મળવાને લીધે વિજ જોડાણો મળતા નથી તેવા અનેક કિસ્સાઓ હયાત છે. તેમજ લોકોને આવન જાવન માટે પણ ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ તરફથી ચેકપોસ્ટ ઉપર ખુબ જ હેરાન કરતા હોવાની બાબતો જગ જાહેર છે. ઉપરાત વન વિભાગ તરફથી ફોરેસ્ટ વિસ્તારમાં આવેલ સરકારી ખાનગી માગર્ગોનુ મરામત કાર્યો હોય કે પછી નિર્માણ કાર્યો તેની મજુરીઓ પણ સમય મર્યાદામા આપવામા આવતી નથી ત્યારે ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થતા આ વિસ્તારના લોકો અને ખેડૂતોની મુશ્કેલીઓ ઘટનાને બદલે ખુબજ વધશે તેમ પૂર્વે સાસદે જણાવેલ છે. ઈકો સેન્સેટીવ ઝોનના લીધે અમરેલી જીલ્લાના ૭૨ ગામોમા વસવાટ કરતા લોકો ખેડૂતોને પોતાની જીવન જરૂરીયાત માટે નાની મોટી તમામ પ્રકારની મજુરીઓ વન વિભાગ પાસે મેળવવાની રહેશે. કોઈએ પોતાની મીલકતમા બાધકામ કરવુ હોય કે બીનખેતી કરવી હોય કે પછી કોઈ નવા વેપાર ધંધા કે ઉદ્યોગો સ્થાપવા હોય તો વન વિભાગના આકરા નિયમોનુ પાલન કરવું પડશે. તેમજ ઈકો ઝોનના લીધે પશુપાલન તેમજ રોજગારી આપતા વ્યવસાયો ઉપર પણ તેની પુરેપુરી અસર થવા સભવ છે. ઉપરાત ઈકો ઝોન વિસ્તારમા ઈટોના ભઠઠા જેવા અનેક વ્યવસાયો ઉપર પ્રતિબંધ મુકવામા આવ્યો છે. જેની સીધી જ અસર નાના - ગરીબ પરીવારો અને ખેડૂતો ઉપર થશે. ઈકો સેન્સેટીવ ઝોનમા આવતા ખેતરોમા ખેડૂતોને કરવાના થતા આર.સી.સી. કામો, માટી કામ, ખરીદી જેવા તમામ બાબતોમા પણ તેઓએ વન વિભાગના નિયમોને આધીન મજુરી મેળવવી પડશે જે ખેડૂતો માટે ખુબ જ નુકશાનકતો છે.

પૂર્વે સાસદે વધુમા જણાવ્યુ છે કે, ઈકો સેન્સેટીવ ઝોન લાગુ કરવા બાબતે અમોને કોઈ વિરોધ નથી પરતુ પર્યાવરણ કે વન્યજીવના સરક્ષણ માટે લાગુ કરવામા આવતા કઠોર નિયમોને લીધે આ લોકો અને ખેડૂતોને આજીવન નુકશાન થાય તે ન બનવુ જોઈએ. આજે ભારત સરકાર અને ગુજરાત સરકાર ખેડૂતોની આવક બમણી કરવાની દિશામા અનેકવિધ યોજનાઓ અને રાહત પેકેજો જાહેર કરી રહી છે ત્યારે ઈકો ઝોનના લીધે ખેડૂતોનો વિકાસ ન રૂધાય તે જોવુ આપણી નૈતિક ફરજ છે. તેથી ઈકો સેન્સેટીવ ઝોનના કાયદા મજુરી પ્રક્રિયામા સરળતા આવે તથા ઝોનમા સમાવિષ્ટ વિસ્તારના લોકો અને ખેડૂતોને જીવન જરૂરીયાત માટે વન વિભાગની મજુરી મેળવવાની જરૂર ન પડે તે બાબતે ગેજેટમા જરૂરી સુધારા વધારા કરવા અંગે પૂર્વે સાસદ શ્રી નારણભાઈ કાછડીયાએ મુખ્યમત્રીશ્રી અને વનમત્રીશ્રીને પત્ર પાઠવી રજૂઆત કરેલ હતી.

## રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવિણભાઇ તોગડીયાના અધ્યક્ષ પદે

# ધારીના જીરા ગામે આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદની બેઠક મળી

### સૌરાષ્ટ્ર પ્રાંતના ડો. ગજેરા, પ્રદેશ અધ્યક્ષ શ્રી રણછોડભાઇ ભરવાડ સહિતની ઉપસ્થિતિ અને માર્ગદર્શન



અમરેલી,તા૨૯/૯/૨૦૨૪ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના જીરા ગામે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ની બેઠક મળી હતી આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડો પ્રવિણભાઈ તોગડિયા તથા રાષ્ટ્રીય મંત્રી અને ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ તથા સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ માં ગજેરા સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી ખુમાણ ની ઉપસ્થિતિ માં ગિર સોમનાથ જિલ્લા ના હોદેદારો ની નિમણૂક કરવામાં આવી છે જેમાં જુનાગઢ વિભાગના ઉપપમુખ મહેશભાઈ બારેયા ગિર સોમનાથ જિલ્લા ના પ્રમુખ તરીકે ઉના તાલુકાના દેલવાડા ગામ ના રમેશભાઈ વંશ તથા ઉપપ્રમુખ તરીકે વિમલભાઈ ધારૈયા વેરાવળ નિર્મળસિહ ઝાલા પ્રાચી તથા રમેશભાઈ ઝાલા ઈણાજ ની મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે રાષ્ટ્રીય બજરંગ દળ ના ગિર સોમનાથ જિલ્લા પ્રમુખ તરીકે કલ્પેશભાઈ ચૌહાણ ઉના તથા ઉપપ્રમુખ તરીકે અજયભાઈ વાજા સુત્રાપાડા તથા સાગરભાઈ ચારણીયા કોડીનાર ની મહામંત્રી તરીકે વરણી કરવામાં આવી છે જ્યારે તાલુકા ના સંગઠન મા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ઉના તાલુકાના પ્રમુખ તરીકે અમરગીરી ગૌસ્વામી ઉના ઉપ પ્રમુખ તરીકે અરજણભાઈ લામધાર અને મહામંત્રી તરીકે પ્રગનેશભાઈ ચૌહાણ ઉના ની વરણી કરવામાં આવી છે તેમજ ઉના શહેર પ્રમુખ તરીકે હિતેશભાઈ મકવાણા ઉપ પ્રમુખ તરીકે દેવભાઈ બારડ મહામંત્રી તરીકે ધર્મેશભાઈ વાજા તથા સહ મંત્રી તરીકે કરણભાઈ બાંભણીયા ની વરણી કરવામાં આવી છે તથા ઉના તાલુકા રાષ્ટ્રીય બજરંગ દળ ના તાલુકા પ્રમુખ તરીકે રાઠોડ શાહ ડેશર ઉપ પ્રમુખ તરીકે વિશાલભાઈ બાંભણિયા તેમજ મહામંત્રી તરીકે વિશાલભાઈ ચૌહાણ ની વરણી કરવામાં આવી છે જ્યારે ઉના શહેર ના રાષ્ટ્રીય બજરંગ દળ ના પ્રમુખ તરીકે હિરેનભાઈ રાઠોડ ઉપપ્રમુખ તરીકે જસબિર સિગ સરદારજી જ્યારે મહામંત્રી તરીકે અજયભાઈ (ગોપાલ) બાંભણીયા ની વરણી કરવામાં આવી છે. આમ આજરોજ હિન્દુ પરિષદ ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડો પ્રવિણભાઈ તોગડિયા ની ખાસ ઉપસ્થિતી મા ગિર સોમનાથ જિલ્લા તેમજ ઉના તાલુકાના તથા ઉના શહેર ના હોદેદારો ની નિમણૂક કરવામાં આવી છે નિમણૂક પામેલા ગિર સોમનાથ ના પ્રમુખ રમેશભાઈ વંશ એ એ એવી મનોકામના વ્યક્ત કરી છે કે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ ગિર સોમનાથ જિલ્લા ના દરેક શહેર અને તાલુકામાં સંગઠન ના હોદેદારો ની નિમણૂક કરી સંગઠન ને મજબુત બનાવવા સતત પ્રયત્નશીલ રહેશે સાથે સાથે હિન્દુ સમાજ ને સંગઠિત કરી આગામી કુંભ મેળા નો સંદેશ પ્રત્યેક હિન્દુ ના ઘર સુધી પહોંચે એવી લાગણી વ્યક્ત કરી હતી અને આગામી દિવસોમાં સંગઠન દ્વારા હનુમાનજી યાત્રા ને સમગ્ર ગિર સોમનાથ જિલ્લા મા સફળ બનાવવા અને હનુમાન ચાલીસા કેન્દ્ર શરૂ કરવા પ્રયત્ન શીલ રહેશુ

## નવરાત્રીના તહેવાર અનુલક્ષીને

# રાજુલામાં પોલીસ દ્વારા શાંતિ સમિતીની બેઠક યોજાઇ

### નવરાત્રીમાં કોઇ પણ ચરમબંધીઓને છોડવામાં નહીં આવે : કડક સુચનાઓ



રાજુલા,(કનુભાઈ વરૂ)આવતીકાલથી શરૂ થઈ રહેલી નવરાત્રી મહોત્સવ સંદર્ભે આજરોજ રાજુલા પીઆઈ દ્વારા શાંતિ સમિતિની મીટીંગ બોલાવવામાં આવી હતી જેમાં તમામ નવરાત્રિના આયોજકો ઉપસ્થિત રહ્યા હતાઆ બાબતે રાજુલા પીઆઈ કોલાદરા દ્વારા હતું કે બે વાગ્યા સુધી કોઈપણ ખેલૈયા આવો રાસ ગરબા રમી શકશે અને રાસ ગરબા પૂર્ણ થયા બાદ તમામ ગરબીવા ઉપર પોલીસનું સર્જન પેટ્રોલિંગ રહેશે અને જાહેર માર્ગો ઉપર પણ સદન પેટ્રોલિંગ રહેશે અને આ નવરાત્રીમાં કોઈપણ જાતના સમર્પણ તેઓને અથવા તો કોઈ આવારા તત્વોને છોડવામાં નહીં આવે અને સમજી જજો અને નવરાત્રી સંબંધિત કોઈપણ જાતની સમસ્યા જણાય અથવા તો કોઈ તકલીફ હોય તો સીધો પોલીસ નો સંપર્ક કરવા રાજુલા પીઆઈ અનુરોધ કર્યો હતોઆ મિટિંગમાં અગ્રણી વેપારીઓ મુસ્લિમ સમાજના આગેવાનો તમામ નવરાત્રી મહોત્સવના આયોજકો વિવિધ સમાજના આગેવાનો તેમજ રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા

# ધારીમાં જ્ઞાનશક્તિ રેસીડેન્શીયલ સ્કુલમાં સીઇટી પાસ બાળકોને વિનામુલ્યે શિક્ષણ અપાશે

### વિના મુલ્યે રહેવા જમવા શિક્ષણ તથા સ્કુલ બેગ સહિતની વ્યવસ્થા

ધારી, (ઉદય ચોલેરા)

ધારીમાં સાંઇ શિવા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત જ્ઞાનશક્તિ રેસીડેન્શીયલ સ્કુલ ઓફ એક્સીલીન્સમાં સીઈટી પાસ બાળકોને તદ્દન વિનામુલ્યે રહેવા જમવા અને શિક્ષણ તેમજ બુક્સ, બેગ આપવામાં આવશે. અમારી સંસ્થાને પ્રથમ રાઉન્ડમાં ધો. ૬ ગુજરાતી માધ્યમ માટે બોયઝ તથા ગર્લ્સનાં કુલ ૧૯૦ વિદ્યાર્થીઓ ફાળવવામાં આવ્યાં છે. જે બધાની ઉજ્જ્વળ કારકિર્દી માટે સંસ્થા તથા શિક્ષકો અને કર્મચારીઓ ખુબ જ મહેનત કરી રહ્યાં છે. અરૂણ મુછાળા એન્જીનીયરીંગ કોલેજ સાંઇ શિવા એજ્યુકેશનલ ટ્રસ્ટ ધારી, જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એક્સીલીન્સ ખોખરા મહાદેવ સરસીયા રોડ ધારીનો સંપર્ક સાધવા જણાવ્યું છે.
















AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૩-૧૦-૨૦૨૪ ગુરૂવાર

# ઈઝરાયલ પાસેથી બોધપાઠ લઈને ભારત હવે પાકિસ્તાનમાં રહેલા આતંકવાદીઓને મારશે?

નેવુંના દાયકામાં ભારતના ખેડૂતો ખેતીની નવીન પદ્ધતિઓ શીખવા માટે ઈઝરાયેલની ઘણી ખેપ કરતા. દૂરથી જોતા ઈઝરાયેલ અને ભારત વચ્ચે સરખામણી થઈ ન શકે. પણ નજીકથી જોઈએ તો ઈઝરાયેલ અને ભારત વચ્ચે ઘણું સામ્ય છે, ખાસ કરીને પાડોશી મુલ્કોના મુદ્દે. એ બાબતે બંને દેશોના નસીબ ખરાબ છે કે પડોશમાં આતંકી કે આતંકવાદને પોષતા દેશો મળ્યા છે. બંને દેશો દાયકાઓથી આતંકવાદનો સામનો કરી રહ્યા છે. ઘણા નિર્દોષ લોકો આતંકવાદનો ભોગ બન્યા છે.ભારતના નસીબમાં પાકિસ્તાન છે તો ઈઝરાયેલના નસીબમાં ઈરાન. ભારતનો પનારો ઉગ્રતા ભર્યા ચીન સાથે પડ્યો છે તો ઈઝરાયેલે સતત લેબનોન ને ગાઝાપટ્ટી ને બીજા પંદર દેશોનો મુકાબલો કરવો પડે છે. ફક્ત કૃષિ ક્ષેત્રે નહી, આતંકીઓના મનસૂબાને તોડી નાખવાના મામલામાં પણ ઈઝરાયેલ આગળ છે. ભારતના ખેડૂતોએ પૂરતા પ્રવાસો કરી લીધા, હવે ભારતના લોકશાસકોએ ઈઝરાયેલના એન્ટી-ટેરર-અપ્રોચમાંથી શીખવું પડે એમ છે.

ઈઝરાયેલનો આતંકવાદ સાથેનો અનુભવ લાંબો અને દુઃખદ છે. ઈઝરાયેલની પેઢીઓ બોમ્બ ધડાકા, રોકેટ હુમલા અને સરહદ પર લગાતાર ચાલતા યુદ્ધોમાં ઉછરી અને મોટી થઈ છે. વર્ષોથી ઈઝરાયેલે - નો એગ્રેસિવ એટેક બટ સ્ટ્રોંગ ડિફેન્સ - ની સ્ટ્રેટેજી અપનાવી છે. ઈઝરાયેલના લશ્કરી અધિકારીઓ એક શબ્દપ્રયોગ કરે છે - 'ઘાસ કાપવું'. સમયાંતરે થતાં રહેતા આતંકી હુમલાઓની પાછળ રહેલા આતંકી ગૃપને ખતમ કરવાના સંદર્ભમાં એ શબ્દયુગ્મ વપરાય છે.ઘાસ ઉગે એટલે કાપી નાખવાનું. હમાસ ગ્રુપની ઓપરેશનલ ક્ષમતાઓને ક્ષીણ કરવા માટે સમયાંતરે શરૂ કરાયેલી કામગીરી વખતે તે શબ્દપ્રયોગ ઈઝરાયેલના લશ્કરી વર્તુળોમાં ખાસ્સો લોકપ્રિય થયો હતો. પરંતુ આ અભિગમ ટૂંકા ગાળાનો ઉકેલ સાબિત થયો, કારણ કે ગાઝા અને લેબનોનમાં આતંકવાદી જૂથો ઝડપથી ફરી એકઠા થયા અને ફરીથી સશસ્ત્ર થયા.ઈરાનનું પીઠબળ ધરાવતું હિઝબોલ્લાહ લેબનોનમાં એક પ્રચંડ આતંકી બળ બની ગયું છે. તે જૂથે યુએન રિઝોલ્યુશન ૧૭૦૧ જેવા યુદ્ધવિરામ કરારો હોવા છતાં ઈઝરાયેલ પર ૧,૦૦,૦૦૦ થી વધુ રોકેટ ફાયરિંગ કર્યા છે. શું તેને નિઃશસ્ત્રીકરણ કહીશું જેનો પ્રચાર યુએન કરતું રહે છે? આવા કડવા અને લોહિયાળ અનુભવોએ ઈઝરાયેલને શીખવ્યું કે કામચલાઉ પગલાં પૂરતા નથી. કાયમી સુરક્ષા પ્રાપ્ત કરવા માટે વધુ આક્રમક પગલાંની જરૂર છે. હોલોકોસ્ટ પછી યહૂદીઓ પરનો સૌથી ભયંકર હુમલો ગયા વર્ષે થયો. કટોબર ૭, ૨૦૨૩ ના રોજ થયેલા હમાસના ભયાનક હુમલા પછી ઈઝરાયેલની લશ્કરી કાર્યપદ્ધતિમાં એક નમૂનારૂપ પરિવર્તન આવ્યું. ઈઝરાયેલે નવી અને વધુ આક્રમક વ્યૂહરચના અપનાવી. ધર્મેન્દ્રનો 'ચુન ચુન કે મારુંગા' ડાયલોગ નિત્યેનાહુએ કદાચ નહી સાંભળ્યો હોય પણ અમલ તો એવો જ કર્યો. મુખ્ય આતંકવાદીને વીણી વીણીને મારી નાખ્યા.

જેમાં હમાસના ટોચના કમાન્ડરોને શોધી શોધીને ઠાર કર્યા. આ વ્યૂહરચના આતંકી નેતૃત્વને વિક્ષેપિત કરવા અને સંદેશાવ્યવહારની બધી લિંકને નષ્ટ કરવા માટે અત્યંત અસરકારક સાબિત થઈ. ઈસ્માઈલ હનીયેહ જેવા લીડરને નાબૂદ કરીને ઈઝરાયેલે આતંકવાદી નેટવર્કના મુળિયા હલબલાવી નાખ્યા. વિક્ષેપિત કર્યા. આંતરિક અરાજકતા સર્જનારા આતંકીઓની છાવણીમાં અરાજકતા ફેલાવી નાખી. કરોડરજ્જુ પર આક્રમણ થાય તો આખું શરીર પંગુ બની જાય. ઈઝરાયેલે આ નીતિ અખત્યાર કરી. ઈઝરાયેલનો આ લડાકુ અભિગમ ભારત માટે એક મહત્વનો પ્રશ્ન ઊભો કરે છેઃ શું લશ્કર-એ-તૈયબા અથવા જૈશ-એ-મોહમ્મદ જેવા પાકિસ્તાન સ્થિત આતંકવાદી નેટવર્કનો નાશ કરવા માટે આવી પદ્ધતિ ન અપનાવી શકાય? સર્જીકલ સ્ટ્રાઈક નહીં પણ ટાર્ગેટેડ સ્ટ્રાઈક. ૨૦૦૧ માં સંસદ પર હુમલો અને ૨૦૦૮ માં મુંબઈ પર હુમલો જેવા ઘણા ઘાતકી હત્યાકાંડ માટે જવાબદાર એ જૂથો પાકિસ્તાનની ધરતી પરથી ડર્યા વગર નવી યોજનાઓ ઘડી રહ્યા છે. પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ આવા આતંકીઓને સુરક્ષા અને લોજિસ્ટિકલ સપોર્ટ પ્રદાન કરે છે. પાકિસ્તાન નીંભર થઈ ગયું છે. તેને વૈશ્વિક નિંદાની પડી નથી. ઐતિહાસિક રીતે, ભારતે મુત્સદ્દીગીરીથી ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈક જેવી વ્યૂહાત્મક લશ્કરી કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરીને વધુ સંયમિત અભિગમ અપનાવ્યો છે.પરંતુ આતંકવાદી સંગઠનોના નેતૃત્વને ખતમ કરવામાં ઈઝરાયલની સફળતાને જોતાં કેટલાક દલીલ કરે છે કે ભારત પણ આવી જ વ્યૂહરચના અપનાવી શકે છે. રાવલપિંડી અથવા ઈસ્લામાબાદ જેવા આઈએસઆઈ-સંરક્ષિત વિસ્તારોમાં છુપાયેલા આતંકવાદી નેતાઓને પકડીને જો ઠાર મારી શકાય તો ભારત આતંકવાદના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ગંભીર રીતે વિક્ષેપિત કરી શકે છે.

અત્યાધુનિક સર્વેલન્સ અને સાયબર ઈન્ટેલિજન્સ દ્વારા હિઝબોલ્લાહના કોમ્યુનિકેશન ડીવાઈસને જ હેક કરી નાખવાની ઈઝરાયેલની ક્ષમતા બતાવે છે કે આતંકીઓનો સફાયો કરવો અશક્ય નથી. ઉલટાનું, આવા મિશન પછી બીજા ઘણા દેશોની સહાનુભૂતિ મળી શકે. ઈઝરાયેલ અને ભારત બંનેને અનુભવ છે કે સંયુક્ત રાષ્ટ્ર જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પર આધાર રાખવાથી આતંકવાદના સતત ખતરાથી કોઈ રક્ષણ મળતું નથી. ઈઝરાયેલના કિસ્સામાં, ૨૦૦૬ના યુદ્ધ પછી હિઝબોલ્લાહના પુનઃશસ્ત્રીકરણને રોકવામાં યુએનની નિષ્ફળતાએ રાજદ્વારી સંકલ્પની મર્યાદા સાબિત કરી હતી. તેવી જ રીતે, પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો સામે પગલાં લેવા માટે વૈશ્વિક મંચો પર ભારતની અપીલોને આજ સુધી મહત્વ અપાયું નથી. બધા દેશો પોતાના ભૌગોલિક રાજકીય હિતોને અગ્રતા આપે છે.

# નેસડી -૨ સેવા સહકારી મંડળીની સાધારણ સભા મળી

## વ્યવસ્થાપક કમીટીની ચુંટણી યોજાતા વાલજીભાઈ રૈયાણીની કમીટી વિજેતા

ડેડાણ, (બહાદુરઅલી હીરાણી)

નેસડી -૨ સેવા સહકારી મંડળી લી. વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં કુલ ૧૧૨ સભાસદો હાજર રહયા હતા. મંડળીની વ્યવસ્થાપક કમીટીની ચુંટણી યોજાતા વાલજીભાઈ રણછોડભાઈ રૈયાણીની કમીટીને ૬૫ મત મળ્યા હતા. જયારે વિનુભાઈ રવજીભાઈ રૈયાણીની કમીટીને ૪૭ મત મળ્યા હતા. આથી વાલજીભાઈ રણ છોડભાઈ રૈયાણીની કમીટીને વિજેતા જાહેર કરવામાં આવેલ.પરંતુ વિનુભાઈ રવજીભાઈ રૈયાણી પોતાની હાર પચાવી શકયા નહતા. અને મંડળીની વ્યવસ્થાપક કમીટી બુક અને વાર્ષિક સાધારણ સભા બુક પોતાના કબ્જામાં લઈ પરત આપેલ નહતી. આથી નવી રચાયેલ કમીટી આગામી સમયમાં બોર્ડ ઓફ નોમીની ભાવનગર તેમજ જરૂર પડયે કોર્ટમાં અને સહકાર મંત્રાલયમાં જશે તેમ મંડળીના સભ્ય વાલજીભાઈ રૈયાણીએ જણાવ્યું હતું.

# ડેડાણમાં યુવાન ઉપર હુમલો

અમરેલી,ખાંભા તાલુકાના ડેડાણ ગામે સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામના હાર્દિકભાઈ જીવરાજભાઈ જાદવ ઉ.વ. ૨૦ ડેડાણ ગામે અક્ષર ડાયમંડ હીરાના કારખાને તેના મિત્રને મળવા ગયેલ હતા. ત્યારે આદસંગ ગામના યુવરાજ ઉર્ફે બાવો પટગીર ત્યાં હીતા ઘસતા હોય. જેથી હાર્દિકભાઈએ બાવો કહી બોલાવતા સારૂ નહી લાગતા ગાળો બોલી શીવા પટગીરે આવીને હાર્દિકભાઈને મોઢાના ભાગે ધોલ થપાટનો મુંઢમાર મારી ગાળો બોલી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ


રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૩.૧૦.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ આસો સુદ એકમ, હસ્ત નક્ષત્ર , ઐંદ્ર યોગ, કિંસ્તુઘ્ન કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ કન્યા (પ ,ઠ ,ણ) રહેશે.

# આ દશ મહાવિદ્યા માં પ્રથમ મહાવિદ્યા કાલી છે

આજરોજ ગુરુવારને આસો સુદ એકમ શારદીય નવરાત્રનું પ્રથમ નોરતું છે. આ વર્ષે દશ નોરતા હોય આ નવરાત્રી દશ મહાવિદ્યા આરાધના માટે પણ શ્રેષ્ઠ ગણી શકાય. સૂર્ય ગ્રહણની અસર તળે યુદ્ધનો માહોલ વધ્યો છે એવા સમયે દૈવી શક્તિનું આહવાન ખુબ જરૂરી છે. નોરતાના પ્રથમ દિવસે માં શૈલપુત્રીની પૂજા કરવામાં આવે છે. .પર્વતરાજ હિમાલયને ત્યાં પુત્રી રૂપે અવતરીત મા શૈલપુત્રી, વૃષભ પર બિરાજીત છે જેના જમણાં હાથમાં ત્રિશૂળ અને ડાબા હાથમાં કમળનું પુષ્પ શોભાયમાન છે. આ નવદુર્ગાઓની પ્રથમ નવદુર્ગા છે માતા પાર્વતી દરેક જન્મમાં શિવને સમર્પિત થાય છે અને નવરાત્રી શિવશક્તિ આરાધનાને સમર્પિત છે તો આ



જ સમયે દશ મહાવિદ્યા આરાધના પણ થઈ શકે જે યોગ્ય ગુરુના માર્ગદર્શન નીચે કરવી જોઈએ. આ દશ મહાવિદ્યા માં પ્રથમ મહાવિદ્યા કાલી છે. સૂક્ષ્મ રીતે જોવા જઈએ તો માં કાલી કાળ એટલે કે સમય બતાવે છે. આપણે ત્રણ પરિમાણ માં જીવીએ છીએ તેમાં સમય એ છોટુ પરિમાણ છે જેના અધિષ્ટાત્રી માં કાલી છે અને એટલે જ એ નરમુંડની માલા પહેરે છે જે સમયચક્ર પણ દર્શાવે છે અને સમય અવધિ તથા પેઢીઓ દર્શાવે છે જો દશ મહાવિદ્યા ને સમજવી હોય તો સૌ પ્રથમ માં કાલી દ્વારા કાળ એટલે સમયને જાણવો જોઈએ અને વર્તમાનમાં રહેતા શીખવું જોઈએ. માં કાલી તમામ ભય માંથી મુક્તિ આપનારી છે !!

મેષ (અ,લ,ઈ) : વિદ્યાર્થીવર્ગે વધુ મહેનત કરવી પડે, સ્ત્રીવર્ગએ સમજીને ચાલવું પડે, નિર્ણયમાં ઉતાવળ ના કરવી.
વૃષભ (બ,વ,ઉ) : આકસ્મિત લાભ થાય, જુના મિત્રોને મળવાનું બને, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : વેપારીવર્ગને ખરીદ વેચાણમાં લાભ આપતો દિવસ, નોકરિયાતવર્ગને પણ સારું રહે, આગળ વધી શકો.
કર્ક (ડ,હ) : આધ્યાત્મિક ચિંતન થાય, મનોમંથન કરી શકો, ઘણા રહસ્યો પ્રાપ્ત કરી શકો, શુભ દિન.
સિંહ (મ,ટ) : માનસિક વ્યગ્રતા જણાય, મનનું ધાર્યું ના થાય, મૂડ વારંવાર બદલાતો જોવા મળે, મધ્યમ દિવસ.
કન્યા (પ,ઠ,ણ) : મિત્રો સાથે બગડેલા સંબંધ સુધારી શકો, યાત્રા પ્રવાસનું આયોજન કરી શકો, દિવસ આનંદદાયક રહે.
તુલા (ર,ત) : ઘણી નવી પરિસ્થિતિમાં થી પસાર થવાનું આવશે, નવા વાતાવરણને સમજી એ મુજબ ચાલી શકો, દિવસ એકંદરે સારો.
વૃશ્ચિક (ન,ય) : વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સમય સારો રહે, કામગીરી આગળ વધે, પેપરવર્ક કરી શકો .
ધન (ધ,ભ,ફ,ઢ): પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય લઈ શકો, કામકાજ માં પ્રગતિ થાય, આપેલ વાયદા પુરા કરી શકો .
મકર (ખ,જ) : તમારી અંદરની પ્રતિભા બહાર લાવી શકો, ખુદ માટે સમય પણ ફાળવી શકો, કાર્યમાં સફળતા મળે.
કુંભ (ગ,સ,શ ) : પરિવાર માં સુખ શાંતિ રહે, વ્યક્તિગત રીતે કેટલાક પ્રશ્નો મુન્જાવતા જણાય ,ઊંઘ આવવામાં પ્રશ્નો થતા લાગે.
મીન (દ,ચ,ઝ,થ): ઘણા લાંબા સમયથી રાહ જોઈ રહ્યા હો તેવી ઘટના બને, સામાજિક રીતે તમારી સ્વીકૃતિ વધે, શુભ દિન .

## બગસરામાં બાઈક ચોરાયું

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

બગસરામાં વિપુલભાઈ રમેશભાઈ ચાવડાએ શબ્બીરભાઈ લોખંડવાળાના ડેલામાં આવેલ કોમ્પલેક્ષમાં સ્પ્લેન્ડર જી.જે. ૦૧ સી.ડી. ૮૮૮૮રૂ/.૧૫,૦૦૦ ની કિંમતનું રાખેલ તે કોઈ ચોરી કરી ગયાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## કુંડલામાં યુવતિ ગુમ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

સાવરકુંડલામાં રહેતી યુવતિ પોતાના ઘરેથી કોઈને કહયા વગર પોતાની મેળે જતી રહી ગુમ થયાનું યુવતિના પિતાએ સાવરકુંડલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

### અમરેલી જીલ્લામાં કમોતના બનાવોમાં ચિંતાજનક વધારો

# અમરેલી જીલ્લામાં અપમૃત્યુના ચાર બનાવો

## કુંડલામાં પ્રૌઢનું ગળાફાંસો ખાતા, ખંભાળામાં ગાય માથું મારતા પ્રૌઢનું , પીપળવામાં યુવાનનું ઝેરી દવા પી જતા, લુવારીયામાં પ્રૌઢાનું પડી જતા સારવાર દરમ્યાન મોત

અમરેલી,અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન કમોતના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે. જીલ્લામાં અપમૃત્યુંના વધુ ચાર બનાવો પોલિસ મથકમાં જાહેર થયેલ. જેમાં સાવરકુંડલામાં પ્રૌઢનું ગળાફાંસો ખાતા, ખંભાળામાં ગાય માથું મારતા પ્રૌઢનું , પીપળવામાં યુવાનનું ઝેરી દવા પી જતા, લુવારીયામાં પ્રૌઢાનું પડી જતા સારવાર દરમ્યાન મોત નિપજયું હતું.સાવરકુંડલા ચંદ્રમૌલી સોસાયટીમાં રહેતા સુભાષભાઈ ઠાકરશીભાઈ અમરેલીયા ઉ.વ. ૪૨ નાણાંકીય આર્થિક સંકડામણના કારણે કંટાળી જઈ પોતાના ઘરે રૂમમાં પંખા સાથે પોતાની મેળે દુપટાવડે ગળાફાંસો ખાઈ જતા મોત નિપજયાનું પત્નિ કૈલાસબેન સુભાષભાઈ અમરેલીયાએ સાવરકુંડલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.બીજા બનાવમાં બાબરા તાલુકાના ખંભાળા ગામે વાડીએ સનાભાઈ લઘરાભાઈ રાતડીયા ઉ.વ.૫૮ ગાયોને નીરણ નાખવા જતા ગાયે માથું મારતા નીચે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત નિપજયાનું જોગાભાઈ ઘુઘાભાઈ રાતડીયાએ બાબરા પોલિસ મથકમાં જાહેર કરેલછે. જયારે ત્રીજા બનાવમાં લાઠી તાલુકાના પીપળવા ગામે મધુભાઈ ભંડેરીની વાડીમાં મુળ જાનબાઈ દેરડી ગામના અશોકભાઈ હિંમતભાઈ વણોદીયા ઉ.વ. ૩૫ નો દિકરો સાગર અવાર નવાર બહાર જતો રહેતો હોય. જેમને સમજાવતા ખીજાયેલ હોય. જે અંગે પોતાને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા મોત નિપજયાનું પત્નિ નયનાબેન અશોકભાઈ વણોદીયાએ લાઠી પોલિસ મથકમાં જાહેર કરેલ છે. ચોથા બનાવમાં મુળ સાવરકુંડલા તાલુકાના મેવાસા હાલ લાઠી તાલુકાના લુવારીયા ગામે રહેતી રેખાબેન ભુપતભાઈ ખુમાણ ઉ.વ. ૪૭ પોતાના ઘરે રસોડામાં ટેબલ ઉપર ઉભા રહી રસોડાની સાફ સફાઈ કરતા હોય. તે સમયે ટેબલનો પાયો તુટી જતા નીચે પડતા માથાના પાછળના ભાગે લોખંડની પેટીની ધાર વાગી જતા અને ત્યારબાન તેઓને બેઠા કરતા બેભાન હાલતમાં હોય. જેથી ફરી પાછા ગેસના ચુલા ઉપર ઢળી જતા માથાના ભાગે ગેસના ચુલાના પતરાની ધાર માથાની ડાબી બાજુને ણ ઉપર વાગી જતા ગંભીર ઈજા થતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું પતિ ભુપતભાઈ દડુભાઈ ખુમાણે લાઠી પોલિસમાં જાહેર કરેલછે.

# રાજુલાના ઉંટીયા ગામે પ્રૌઢને ધમકી આપી

## મોબાઈલમાં ગાળો બોલી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,રાજુલા તાલુકાના ઉંટીયા ગામે રહેતા ખીમજીભાઈ કાનાભાઈ પરમાર ઉ.વ. ૫૦ ના ઘરના ફળીયામાંથી અવાર નવાર પોલિસ રમેશ ઉકાભાઈ પરમારને શોધવા માટે આવતી હોય. જેમનદુઃખ રાખી ખીમજીભાઈન મો. ૯૩૧૬૫ ૧૧૭૬૦ તથા ૭૬૨૨૯૫૬૧૭૮ ઉપરથી ફોન કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ડુંગર પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### શીવકુમારી વિદ્યાલયની હોસ્ટેલમા બપોરે ભોજન લીધા બાદ

# મોટા ઝીંઝુડામાં ૪૨ બાળકોને ફુડ પોઈઝનીંગ

## મોટા ઝીઝુડામાં સારવાર આપી ૩૪ બાળકોને વધુ સારવાર માટે કુંડલા ખસેડાયા



અમરેલી,

સાવરકુંડલા તાલુકાના મોટા ઝીંઝુડા ગામે આવેલ શિવકુમારી વિદ્યાલય હોસ્ટેલમાં બપોરના સમયે બનાવેલ રસોઈ વિદ્યાર્થીઓને જમવા આપેલ હોય. જે રસોઈ જમ્યા બાદ કોઈપણ રીતે આશરે ૪૨ બાળકોને ફુડ પાઈઝીંગની અસર થતા અફડા તફડી મચી ગઈ હતી. મોટા ઝીંઝુડા પી.એચ.સી. અને હોસ્ટેલમાં પ્રાથમિક સારવાર આપીને ૩૪ જેટલા બાળકોને વધુ સારવાર માટે સાવરકુંડલા કે.કે. મહેતા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.આ બનાવ અંગે હોસ્ટેલના ગૃહપતિ તથા શિક્ષક અંકિતભાઈ જયંતિભાઈ કાળીયાણીએ સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં જાહેર કરેલ.

# કુંડલાના વિજપડીમાં ઘરફોડ ચોરી કરનાર પરપ્રાંતિ શખ્સને ઝડપી લેતી એલસીબી

## મુદામાલ સાથે ઝડપી લઇ ગુનો ડિટેકટ કર્યો



વિજપડી,

તા.૧૮/૦૯/૨૦૨૪ ની રાત્રીના રાહુલભાઈ વાસુરભાઈ બંધિયા, રહે.સરેરા, તા.મહુવા, જિ.ભાવનગર વાળાની વિજપડી ગામે બસ સ્ટન્ડ પાસે આવેલ બજરંગ મોબાઈલ નામની દુકાનના પાછળના ભાગે કોઈ અજાણ્યા ચોર શખ્સ બખોરુ પાડી, દુકાનમાં રહેલ એક મોબાઈલ ફોન કિ.રૂ.૭,૦૦૦/- તથા રોકડ રૂ.૨,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૯,૦૦૦/- મુદ્દામાલની ચોરી કરી ગુનો કરેલ હોય, જે અંગે રાહુલભાઈ વાળાએ અજાણ્યા ચોર શખ્સ વિરૂધ્ધ ફરીયાદ આપતા સાવરકુંડલા રૂરલ પો.સ્ટે.માં ફરિયાદ નોંધાયેલી જેમાં પોલીસે આરોપી અનીલ માનસિંહ ડોડવા, ઉ.વ.૨૧, મુળ રહે. ધોલા હનુમાન, તા.ગંધવાની, જિ.ધાર (મધ્યપ્રદેશ) હાલ રહે.ડેડકડી ગામની સીમને પોલીસે ઝડપી લઈ મુદ્દામાલ કબ્જે કર્યાની સાથે ગુનો ડિટેકટ કર્યો છે.

# કુંડલાના ઘોબાથી ફીફાદ જવાના રોડે બોલેરોચાલકે બાઈકને હડફેટે ચડાવ્યું

## બાઈક સાથે ભટકાવી પ્રૌઢને હાથ પગ અને કમરના ભાગે ફ્રેકચર કર્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)

સાવરકુંડલા તાલુકાના ઘોબાથી ફીફાદ જવાના રોડ ઉપર મલદાદાના મંદિર પાસે સવજીભાઈ ડાભી નામના પ્રૌઢના બાઈક સાથે કિશોર જાદવ બોલેરો પીકઅપ જી.જે. ૧૪ યુ. ૬૯૪૪ પુરઝડપે અને બેફીકરાઈથી માણસની જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી બાઈક સાથે ભટકાવી સવજીભાઈને હાથ પગ અને કમરના ભાગે ફેકચર કર્યાની પુત્ર હિરેનભાઈ સવજીભાઈ ડાભીએ વંડા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# લીલીયામાં એસવીએસ કક્ષાનો વિજ્ઞાનમેળો યોજાયો

## લાઠી, લીલીયા, બાબરાના વિદ્યાર્થીઓએ કૃતિઓ રજુ કરી



અમરેલી,લીલીયામાં એસવીએસ કક્ષાનો વિજ્ઞાનમેળો યોજાયો હતો. આ વિજ્ઞાનમેળામાં લાઠી, લીલીયા, બાબરા વિસ્તારની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બાળ વૈજ્ઞાનિકોએ જુદી જુદી કૃતિઓ બનાવી રજુ કરી હતી. જે કૃતિઓને નીહાળવા આસપાસની શાળાઓના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# ચિતલમાં વિનય ગ્રૂપને ઓકિસજન ડીન્સન ટ્રેકટર અપાયું

## દાતાનો ગ્રૂપના સદસ્યો તથા વેપારીઓએ આભાર વ્યકત કર્યો

ચિતલ, (હરેશ ધંધુકીયા) ચિતલ વિનય મેડીકલ ગ્રૂપને માતુશ્રી સ્વ. માનકુવરબેન તલકચંદભાઈ વોરા હસ્તે ચંદ્રકાંતભાઈ વોરા તરફથી ઓકિસજન ડીન્સન ટ્રેટર દાનમાં મળેલ.આ તકે વિનય ગ્રૂપના સદસ્યો વિપુલભાઈ જોશી, કૃષ્ણસિંહ સરવૈયા, આબીદભાઈ લક્ષ્મીધર, કમલેશભાઈ ભીમાણી, મનસુખભાઈ નાડોદા, કનુભાઈ વીરડીયા, આબીદભાઈ બટેટાવાળા, કિરણભાઈ રાતડીયા, જીતુભાઈ વાઘેલા, અશોકભાઈ નિર્મળ તથા વેપારી એસોસીએશન ચિતલના પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા ઉપસ્થિત રહી દાતાશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

# બાબરા નજીક ઘરાઈમાં ઘરફોડ ચોરી કરનાર બે પરપ્રાંતિય શખ્સો ઝડપાયા

## રૂા. ૩૧૭૨૭ના મુદામાલ સાથે પકડી પાડી ગુનો ડિટેકટ કરતી એલસીબી



અમરેલી,ગઈ તા. ૧૧/૦૯/૨૦૨૪ ની રાત્રીના અજાણ્યા ચોર શખ્સો બાબરા તાલુકાના ઘરાઈ ગામે ધીરૂભાઈ સ્વજીભાઈ રામાણીની દુકાનના દરવાજાના નકુચા તોડી, દુકાનમાંથી રોકડ તથા સરસામાનની તેમજ વિપુલભાઈ રમેશભાઈ સાવલીયાની ઈલેકટ્રીક દુકાનના તાળા તોડી દુકાનમાંથી પરચુરણ રોકડની તેમજ જયંતિભાઈ વિઠ્ઠલભાઈ સતાણીના મજુરોના બે મોબાઈલ ફોન તથા તેમજ બાબરા તાલુકાના વાવડી ગામે રાદડીયા પરીવારના કુળદેવીના મઢમાંથી ચાંદીના છત્તરની ચોરી થયેલ હોય, જે અંગે ધીરુભાઈ રવજીભાઈ રામાણી, રહે.ઘરાઈ, તા.બાબરા અજાણ્યા ચોર શખ્સો વિરુધ્ધ ફરીયાદ આપતા બાબરા પો.સ્ટે. માં ફરિયાદ નોંધાયેલી આ બનાવમાં ચોકકસ બાતમી આધારે ચોરીના મુદ્દામાલ સાથે સમરૂ જ્ઞાનસિંહ સોમલાભાઈ વાસ્કેલા, ઉ.વ.૨૫, રહે.છોટીઉતય, લક્ષ્મણ ફળીયુ, તા.કનાસ, જિ. અલીરાજપુર (મધ્યપ્રદેશ) હાલ રહે.વાંડળીયા ગામની સીમ, ઈડુ ઉર્ફે રાજેશ છગનભાઈ બંડડીયા, ઉ.વ.૨૧, રહે.પહાડવા ગામ, કનસીયા ફળીયુ, તા.જોબટ, જિ.અલીરાજપુર (મધ્યપ્રદેશ) હાલ રહે, વાંડળીયા સીમ વિસ્તારમાંથી ઝડપી લઈ રોકડ રૂ.૫૦૦/-, ચાંદીના છત્તર વજન ૨૭ ગ્રામ કિ.રૂ.૨,૭૨૭/-, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ - ૨ કિ.રૂ.૮,૫૦૦/-, (૪) એક યામાયા મોટર સાયકલ રજી. નંબર ય્વ ૦૮ છભ ૬૦૩૮ કિ.રૂ.૨૦,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૩૧,૭૨૭/-નો મુદ્દામાલ કબ્જે કરેલ છે. આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ.એમ.પટેલ તથા એ.એસ.આઈ. જાવેદભાઈ ચૌહાણ તથા હેડ કોન્સ. મનીષભાઈ જાની, રાહુલભાઈ ઢાપા, તુષારભાઈ પાંચાણી દ્વારા કરવામાં આવેલ છે.

### બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે

# જુનાગઢમાં પુ. મહંતસ્વામી મહારાજનું આગમન

## મુંબઈથી કેશોદ એરપોર્ટ ઉતરાણ કરી અક્ષર મંદિર પધાર્યા



અમરેલી,તા. ૧/૧૦/૨૦૨૪ના રોજ જૂનાગઢ અક્ષરવાડી ખાતે બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરમાં બપોરે એકવાગ્યે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું પરમ પાવન આગમન થઈ ચુક્યું છે. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મુંબઈથી કેશોદ એરપોર્ટ ઉતરાણ કર્યું હતું અને ત્યાંથી પોલીસ પાયલોટ કારની દોરવણી એ કાર દ્વારા જૂનાગઢ અક્ષર મંદિર ખાતે પધાર્યા હતા. જ્યાં મુખ્ય દ્વારથી મંદિર સુધી બી.એ.પી.એસનાં શહેર તથા ગ્રામ્ય વિભાગનાં બાળકોએ કતારબદ્ધ ઊભા રહીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું પુષ્પવર્ષાથી અને જયજયકારથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતુ.પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ મંદિરમાં પોઢી ગયા હોઈ સીધાજ ગુણાતીત સભા મડપમાં પધાર્યા હતા. જ્યાં સંતો હરિભક્તો ભાવિકોએ તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું હતું. મહંત સ્વામી મહારાજની ૯૧ વર્ષની આયુ પ્રમાણે કાર્યકર ભાઈઓ બહનો દ્વારા રચિત ૯૧ ફૂટનો હાર સંતો તથા અગ્રણી કાર્યકરોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને ભાવથી પહેરાવ્યો હતો.

### અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા

# ભોપાલમાં સંગઠનની રાષ્ટ્રીય કારોબારી બેઠક યોજાશે

## શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર ત્રણ શિક્ષકો નું સન્માન થશે

અમરેલી,અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની દર ચાર મહિને નિયમિત યોજાતી રાષ્ટ્રીય કારોબારી બેઠક તારીખ ૪ ઓક્ટોબર અને ૫ ઓક્ટોબરે બે દિવસીય બેઠક મધ્યપ્રદેશના ભોપાલ ખાતે યોજાશે બેઠકમાં ગુજરાતના અપેક્ષિત પદાધિકારીઓ ભાગ લેશે તાજેતરમાં ઓલ્ડ પેન્શન યોજના ની જગ્યાએ લાવવામાં આવેલ યુ. પી.એસ. બાબતે ચર્ચા કરી યોગ્ય રણનીતિ તૈયાર કરવામાં આવશે તથા અનેક રાજ્યોમાં ૨૦૦૫ પહેલાં ના શિક્ષકો ને ઓલ્ડ પેન્શન યોજના માં સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે ગુજરાત સહિત બાકીના તમામ રાજ્યોમાં ૨૦૦૫ પહેલાં ના શિક્ષકો ને ઓલ્ડ પેન્શન યોજના માં સમાવેશ કરવામાં આવે એવી માગણી કરવામાં આવશે આ સિવાય પણ નિવૃત્તિ નો સમયગાળો વધારવા, વર્ગ દીઠ શિક્ષકો આપવા, સાતમા પગારપંચ મુજબ તમામ ભથ્થાં અને ઘરભાડુ આપવા, ૫૦% મોંઘવારી ભથ્થાનો દર થયો હોવાથી પગાર માં મર્જ કરવા, મેડિકલ હેલ્થ કાર્ડ યોજના અમલમાં લાવવા, વ્યાયામ શિક્ષણ ને મહત્વ આપવા તથા સ્કિલ ડેવલપ કરતા ચિત્ર, સંગીત અને કોમ્પ્યુટર શિક્ષકોની ભરતી કરવા, ખેલ સહાયકો સહિત કરાર આધારિત ભરતી બંધ કરી જ્ઞાન સહાયકો અને ખેલ સહાયકો ને કાયમી ભરતી કરવા શાળાઓમાં સહાયકો સહિત ક્લાર્ક અને સેવકો ની ભરતી કરવા* તમામ કર્મચારીઓને ઓલ્ડ પેન્શન યોજના માં સમાવેશ કરવા જેવી માંગણી રાષ્ટ્રીય કારોબારી બેઠક માં કરવામાં આવશે. સંગઠનની આગવી ઓળખ પ્રસ્થાપિત થઈ છે એ ;૭ શિક્ષા ભૂષણ એવોર્ડ ;૭વિતરણ કાર્યક્રમ રાષ્ટ્રીય કારોબારી બેઠકના સ્થાને બેઠક પુરી થયા બાદ તારીખ - ૬/૧૦/૨૪ ના રોજ મધ્યપ્રદેશના હજારો શિક્ષકો ની હાજરી માં ભારતના ત્રણ શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરવામાં આવશે જેમને શાલ, શ્રીફળ, એક લાખ રૂપિયા નો ચેક, ચાંદીની પ્લેટમાં એમનો પરિચય લખી ને અર્પણ કરવામાં આવશે *સમગ્ર ભારતમાં આગવી પદ્ધતિ થી ખરેખર શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર ની શોધ થતી હોય છે ત્યારબાદ અપાતા આ શિક્ષા ભૂષણ એવોર્ડ નું આગવું મહત્વ છે. ગુજરાત ના ઈન્દુમતીબેન કાટદરે સહિત ભારતના અનેક શિક્ષકો આ પ્રકારનું સન્માન મેળવી ચુક્યા છે. ઓક્ટોબર ૪/૫ અને ૬ તારીખ ની રાષ્ટ્રીય કારોબારી તથા શિક્ષા ભૂષણ એવોર્ડ કાર્યક્રમમાં ગુજરાતના અધ્યક્ષ, મહામંત્રી, સંગઠન મંત્રી સહિત અન્ય પદાધિકારીઓ ભાગ લેશે તેમ અમરેલી જિલ્લા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષીક મહા સંઘના હોદ્દેદારો મનીષભાઈ સિદ્ધપરા, ભરતભાઈ મકવાણા, રામભાઈ કેશવાલા, મનીષભાઈ અગ્રાવત, વિજયભાઈ મકવાણા, ચિરાગભાઈ ત્રિવેદી વિગેરેની યાદીમાં જણાવાયું છે.

## અમરેલીમાં ફીનાઈલ પીધું

અમરેલી,અમરેલી મીનીકસબાવાડ જીવાપરા શેરી નં. ૨ માં રહેતી સાહિમબેન સરફરાજભાઈ હમદાન ઉ.વ. ૨૧ બપોરે તેમના માતાના ઘરે ગયેલ. ત્યારે તેના પતિએ જણાવેલ કે તારે હવે કયાંક જવું હોય તો મને પુછીને જવાનું જે વાતથી બંને પતિ પત્નિ વચ્ચે બોલાચાલી થતા પોતાને મનમાં લાગી આવતા ફીનાઈલ પી જતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ.

## સોમનાથ મંદિર આસપાસ બુલ્ડોઝર કાર્યવાહીનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો

### પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં પૂ. મહાત્મા ગાંધી જન્મજયંતિ સાથે

# અમરેલીમાં સ્વચ્છ ભારત મીશનની ઉજવણી

### રાષ્ટ્રપિતા પૂ. ગાંધી બાપુએ સમગ્ર વિશ્વને 'સ્વચ્છતા' સાથે 'સમરસતા'ના અમૂલ્ય વિચારોની ભેટ આપી : શ્રી વેકરિયા

### અમરેલીમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ગાંધીબાગ ખાતે 'સ્વચ્છ ભારત દિવસ'ની જિલ્લાકક્ષાએ ઉજવણી સંપન્ન



અમરેલી,

સમગ્ર દેશમાં પ્રધાનમંત્રી શ્રી મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં 'સ્વચ્છ ભારત દિવસ'-પૂ.મહાત્મા ગાંધીજીની જન્મજયંતી, 'સ્વચ્છ ભારત મિશન'ના સફળતાના શાનદાર ૧૦ વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને અને સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલી સ્થિત બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર ખાતે 'સ્વચ્છ ભારત જિલ્લાકક્ષા ઉજવણી સંપન્ન થઈ હતી. કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા વિસ્તાર ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પ્રારંભ પૂર્વે સર્વ મહાનુભાવશ્રીઓએ અમરેલીના ગાંધીબાગ ખાતે પૂ. બાપુની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીને ભાવવંદન સહ શ્રદ્ધાજંલિ અર્પણ કરી હતી. વિધાનસભાના મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ સહિત સર્વ શ્રી મહાનુભાવોએ અમરેલીના સેન્ટર પોઈન્ટ સહિતના વિસ્તારમાં સાફ-સફાઈ કરીને સ્વચ્છતા હી સેવા : સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા નો સંદેશ પ્રસરાવ્યો હતો. કાર્યક્રમમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત જન ભાગીદારીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સાવરકુંડલા તાલુકાનું સન્માન કરવામાં આવ્યું હતું.

સફાઈ મિત્ર સુરક્ષા શિબિરમાં શ્રેષ્ઠ કામગીરી બદલ તાલુકાને પ્રમાણપત્ર અને નિર્મળ ગુજરાત ૨.૦ અંતર્ગત શ્રેષ્ઠ સફાઈ કર્મચારીઓને પ્રોત્સાહન સાથે રુ.૧૦ હજારના ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, સ્વચ્છતાલક્ષી એકમને રુપાંતરિત કરવામાં શ્રેષ્ઠ કામગીરી કરી છે તેવા ખાંભાના રાયડી, સાવરકુંડલાના જીરા, બગસરાના લુંઘીયા ગ્રામ પંચાયતને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવશ્રીઓએ વૃક્ષારોપણ કર્યુ વિધાનસભા નાયબ મુખ્ય દંડક શ્રી વેકરિયાએ કહ્યુ કે, પૂ. ગાંધી બાપુએ સમગ્ર વિશ્વને 'સ્વચ્છતા' સાથે 'સમરસતા'ના અમૂલ્ય વિચારોની ભેટ આપી છે. સ્વચ્છ ભારત મિશન અતર્ગત સ્વચ્છતાનું જન આંદોલન સતત શરુ રહે તે માટે સૌએ સહિયારા પ્રયત્ન કરવા જરુરી છે. ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ જણાવ્યુ કે, રાષ્ટ્રપિતા પૂ.મહાત્મા ગાંધીજીએ વર્ષો ભારતની સ્વાતંત્ર્યની લડાઈની સાથે 'સ્વચ્છતા' અને 'અસ્પૃશ્યતા' નાબૂદીના વિચારોને અમલમાં મૂકી સમાજ ઉત્કર્ષ માટે અમૂલ્ય યોગદાન આપ્યું હતુ. સત્ય, અહિંસા, સ્વચ્છતા અને સમરસતાનો તેમનો સંદેશ સમગ્ર વિશ્વમાં હકારાત્મક પરિવર્તન લાવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લાલ કિલ્લાથી દેશવ્યાપી સ્વચ્છ ભારત મિશન નો પ્રારંભ હતો, આ મિશનના સફળતાના ૧૦ વર્ષ પૂર્ણ થયા છે. અમરેલી સ્થિત બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર, પ્રમુખ વાટિકા ખાતે 'સ્વચ્છ ભારત દિવસ' ઉજવણીના જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રી બિપીનભાઈ લીંબાણી, પદાધિકારીશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી જાડેજા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી સર્વ શ્રી અર્પણ ચાવડા અને શ્રી દીપાબેન કોટક, નગરપાલિકા ચીફ ઓફિસર શ્રી પટેલ, પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ અને સફાઈ કર્મીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

## સુરતમાં બાળ વિજ્ઞાન પ્રદર્શન યોજાયું



સુરત,રાંદેર- સેન્ટ્રલ ઝોનના URC-01 કક્ષાના વિજ્ઞાનમેળા-બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન મુખ્ય કન્વીનરશ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શાળા નં- ૧૭૦, રામમઢી, જહાંગીરપુરા, સુરત ખાતે કરવામાં આવ્યું. સદર પ્રદર્શનના ઉદ્ઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સદસ્યશ્રી કુ. સ્વાતિબેન સોસા, સુરત મહાનગર પાલિકાના ગાર્ડન સમિતિના અધ્યક્ષ શ્રી ગીતાબેન સોલંકી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના ઈન્ચાર્જ પ્રાચાર્ય શ્રી સંજયભાઈ બારડ, ઈ.ચા. ઉપશાસનાધિકારીશ્રી નિમિષાબેન પટેલ, રાંદેર ઝોનના નિરીક્ષકશ્રી રાગિણીબેન દલાલ, જીસ્ભ સભ્યો અને વિવિધ દાતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોક્ત તમામ મહાનુભાવોએ આયોજકોને સુંદર આયોજન બદલ શુભેચ્છા પાઠવી હતી. આ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં રાંદેર-સેંટ્રલ ઝોનમાં સમાવિષ્ટ ૧૨ સી.આર.સી. માં સમાવિષ્ટ જુદી જુદી અંદાજિત ૬૦ જેટલી શાળાના બાળ વૈજ્ઞાનિકો દ્વારા કુલ ૬૦ જેટલી કૃતિઓ રજુ કરવામાં આવી હતી.

## માહી ડેરીના કર્મચારીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા



રાજકોટ, સ્વચ્છતા ત્યાં પ્રભુતા - આ સુત્ર આપણે અવાર નવાર વાંચ્યું છે અથવા તો તેનો ઉપયોગ કર્યો છે, પરંતું આપણે જ આપણી આજુબાજુની સ્વચ્છતા બાબતે ઉદાસિનતા દાખવીએ છીએ તે પણ હકીકત છે. કહેવાય છે કે ઈશ્વરને સ્વચ્છતા ખૂબ જ પસંદ છે એટલે તો વહેલી સવારે વૃક્ષો, વેલા અને પુષ્પોને તે ઝાકળ વડે નવરાવે છે ! જ્યાં સમજ ત્યાં સ્વચ્છતા, જ્યાં સ્વચ્છતા ત્યાં આરોગ્ય અને જ્યાં આરોગ્ય ત્યાં સંપત્તિ. સ્વચ્છ શરીર હોય તો વિચારો પણ સ્વચ્છ આવે છે અને જ્યાં સ્વચ્છ વિચારો હોય ત્યાં ચારે તરફ સ્વચ્છતા હોવાની- આ એકબીજા ઉપર આધારિત છે અને તેથી જ આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વચ્છ ભારત ભારતનું સૂત્ર આપી સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરાવેલું છે. સ્વસ્થ દૂધ ઉત્પાદકોની પોતાની સંસ્થા માહી ડેરી દ્વારા ગાંધી જયંતિ નિમિત્તે તા. ૨ ઓક્ટોબર, બુધવારના રોજ રાજકોટના ભક્તિનગર રેલવે સ્ટેશન ખાતે સ્વચ્છતાના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ધારીમાં પત્રકાર એક્તા પરિષદની બેઠક મળી

### પત્રકાર એક્તા પરિષદનાં હોદ્દેદારોની વરણી



ધારી, (ઉયદ ચોલેરા)ધારી તાલુકા ના પત્રકાર મિત્રો ની એક મિટિંગનુ આયોજન કરવામાં આવેલ જેમાં આવનારા પ્રમુખ અને ઉપપ્રમુખની જાહેરાત કરવાની હતી ધારી તાલુકાના મોટાભાગના પત્રકાર મિત્રો એ આ મિટિંગમાં હાજરી આપેલ હતી . જેથી મિટિંગ ના અંતે સર્વાનુમતે સંજયભાઈ વાળા ને પ્રમુખ તરીકે તેમજ મેહુલભાઈ ત્રિવેદી ને ઉપપ્રમુખ તરીકે જાહેર કરવામાં આવેલ. સહુ પત્રકાર મિત્રોએ આ વરણીને આવકારેલ હતી. આ મિટિંગમાં સિનિયર પત્રકાર જીગ્નેશ ગીરી ગોસાઈ, ટીના ભાઈ લલીયા, કાંતી ભાઈ મહાદેવ, બરકત ભાઈ ચાવડા, ઉદય ભાઈ ચોલેરા, પરવેજ ભાઈ સુમરા, નિલેશભાઈ મહેતા, સરફરાઝ ભાઈ રાઠોડ, પ્રતાપ ભાઈ વાળા, હુશેન ભાઈ સંઘાર, જીતેન્દ્ર ભાઈ ઠાકર, હનીફ નાડ સહિત ના પત્રકાર મિત્રો ની હાજરી માં ધારી તાલુકા પત્રકાર એકતા પરિષદ ના પ્રમુખ તરીકે સંજયભાઈ વાળા તેમજ ઉપપ્રમુખ તરીકે મેહુલ ભાઈ ત્રિવેદી ની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવેલ તેમજ બન્ને પત્રકાર મિત્રો ને શુભકામનાઓ પાઠવી હતી.

## ગુજરાતમા આઈનેકસ સાંસ્કૃતિક સ્પર્ધામાં સેંટ મેરી સ્કુલ અમરેલીએ બીજો નંબર મેળવ્યો

### જુનીયર ગૃપમાં પ્રથમ, સિનિયર ગૃપમાં ડાન્સ અને સોંગમાં સ્થાન મેળવ્યું



અમરેલી,

સેંટ મેરી સ્કુલ, અમરેલીના બાળકોએ સૌ પ્રથમ ભાવનગર ખાતે યોજાયેલ ઝોન કક્ષાના સાંસ્કૃતિક સ્પર્ધામાં કુલ ૯ જુદી જુદી સ્કુલના બાળકો એ ભાગ લીધેલ જેમા સેંટ મેરી સ્કુલ અમરેલી એ જૂનીયર ગ્રુપ સોગંમાં પ્રથમ, સીનીયર ગ્રુપ ડાન્સમાં માં પ્રથમ તથા સીનીયર ગ્રુપ સોંગમાં પ્રથમ સ્થાન મેળવી આઈનેકસ રાજકોટ કક્ષાએ નિર્મળા કોન્વેટ સ્કુલ વાકાનેર ખાતે યોજાયેલ સ્પર્ધામાં કુલ ૬ ઝોનની ૭૭ સ્કુલોના વિજેતા સ્કુલના બાળકોએ ભાગ લીધેલ જેમા અમરેલીની સેંટ મેરી સ્કુલના બાળકોએ જુનીયર વિભાગની ગ્રુપ સોગમાં બીજો નંબર પ્રાપ્ત કરી સ્કુલનું ગૌરવ વધારેલ છે. તેમજ સીનીયર વિભાગમાં ગ્રુપ ડાન્સમાં પ્રોત્સાહન ઈનામ મેળવતા બાળકોની છેલ્લા ૧ મહિનાની પ્રેકટીસની મહેનત ફળી જેથી સ્કુલના તમામ સ્ટાફ તથા તમામ બાળકોના પેરેન્ટસમાં ખુશીનો માહોલમાં દિલથી અભિનંદનની વર્ષા વરસાવેલ આઈનેકસ રાજકોટ યુનિટ પ્રેસિડન્ટ ફાધર જોબીએ વિજેતા ખેલાડીઓને પ્રથમ વિજેતા ટ્રોફી તથા દરેક સ્પર્ધકને મેડલ અને સર્ટીફીકેટ આપવામાં આવેલ આ વિજેતા બાળકોનું પ્રિન્સિપાલ ફાધર બિનુંએ સન્માનિત કરી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા.

## ગોંદરાપરા પ્રા. શાળામાં વિજ્ઞાન ગણિત પ્રદર્શન યોજાયું



ડોળાસા, કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગોંદરાપરા પ્રાથમિક શાળા સંકુલમાં તાલુકા કક્ષાનો બાળ વિજ્ઞાન ગણિત મેળો ભારે ઉતસાહ અને ઉમંગ સાથે ઉજવાઈ ગયો. જેમાં તાલુકા ભર ની પ્રાથમિક શાળાઓ ના બાળકો વિજ્ઞાન ગણિત પ્રદર્શની ને નિહાળવા ઉમટી પડ્યા હતા. ગુજરાત સરકાર ના શિક્ષણ વિભાગ પ્રેરિત ,,ગીર સોમનાથ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ના માર્ગદર્શન હેઠળ બી.આર.સી.ભવન કોડીનાર યોજિત ગણિત વિજ્ઞાન પ્રદર્શન કોડીનાર તાલુકાના ડોળાસા ગામે ગોંદરાપરા પ્રાથમિક શાળા ના સંકુલ ખાતે યોજાયો હતો

## મોટા કોટડા ગામેથી ઈંગ્લીશ દારૂ ઝડપાયો

### ૨૮૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ રૂા. ૩,૦૧,૬૨૦નો મુદામાલ કબ્જે



જુનાગઢ, (હિતેશ પારેખ) જુનાગઢ રેન્જના પોલિસ મહાનિરિક્ષક નિલેશ જાજડીયા તથા પોલિસ વડા હર્ષદ મહેતાની સુચના અનુસાર નવરાત્રિના તહેવારો દરમ્યાન પ્રોહી. અને જુગારની બદી નેસ્ત નાબુદ કરવા સુચના આપતા ના.પો.અધિ. હિતેશ ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ વિસાવદરના પી.આઈ.આર.એસ. પટેલ, અને પોલિસ સ્ટાફે ચોકકસ બાતમીના આધારે આરોપી આરીફ ઈન્દ્રીસભાઈ સોલંકી રહે. મોટા કોટડાવાળાના કબ્જા ભોગવટાના પડતર જમીનમાં આવેલ ઓરડીમાં ગેરકાયદેસર ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ હોય. જેથી પી.આઈ.આર.એસ. પટેલની સુચના મુજબ સ્ટાફના માણસોને બોલાવી પી.એસ.આઈ.આર.એસ. ડામોર, તથા પોલિસ સ્ટાફે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા ઓરડીમાંથી અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૨૮૬૫ બોટલ રૂ/. ૩,૦૧,૬૨૦નો મુદામાલ પોલિસે કબ્જે કર્યો હતો.

## કુંડલાનાં મોટા ભમોદ્રામાં સેવા પખવાડીયાની ઉજવણી

### તાલુકા આરોગ્ય અધિકારી ડો. મીના અને ડો. રાકેશ આહીર સહિતની ઉપસ્થિતિ



સાવરકુંડલા, (સૌરભ દોશી)

અમરેલી જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો જોશીની સુચના થી તેમજ તાલુકા આરોગ્ય અધિકારી શ્રી ડો મીના તેમજ તાલુકા હેલ્થ સુપરવાઈઝર નાં નિરીક્ષણ હેઠળ સાવરકુંડલાના મોટા ભમોદ્રામાં સેવા પખવાડિયા અંતર્ગત આયુષ્માન આરોગ્ય ભવ, ગ્રામ પંચાયત તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મોટા ઝીંઝુડા નાં સયુંક્ત ઉપક્રમે સર્વ રોગ નિદાન કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ , યોજાયો હતો. આ કેમ્પ ને સફળ બનાવવા સરપંચ શ્રી ભાવેશભાઈ ખુંટ તેમજ મોટા ઝીંઝુડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ એમ ઓ શ્રી ડો પારઘી સુપરવાઈઝર શ્રી મુકુંદભાઈ ખુમાણ તેમજ ત્યા નાં આરોગ્ય કર્મચારી શ્રી નેહાબેન લાધવાભાઈ તેમજ હિંમતભાઈ પરમાર આશા વર્કર બહેનો તેમજ આંગણવાડી બહેનો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવેલ હતું.

### અવસાન નોંધ

કુંકાવાવ

મોટી કુંકાવાવ નિવાસી ચીમનપુરી મોહનપુરી ગોસાઈ ઉ.વ. ૮૫ તે ધર્મેન્દ્રપુરી અમદાવાદ, કલ્પેશપુરી અક્ષર મેડીકો અમરેલી, પ્રફુલપુરી અમદાવાદના પિતાશ્રીનું તા. ૧-૧૦-૨૪ મંગળવારના કૈલાસવાસ થયેલ છે. સદગતનું બેસણું તા. ૩-૧૦-૨૪ ગુરૂવાર સવારના ૯ થી ૬ અમારા નિવાસ સ્થાન ઘનશ્યામનગર મોટી કુંકાવાવ મુકામે રાખેલ છે.

## ધારીનાં ડાભાળીની શુભેચ્છા મુલાકાતે ડો. તોગડીયા

### ગામની મુલાકાત લઇ ડો. પ્રવિણ તોગડીયા પ્રભાવિત થયાં



ડાભાળી, (રણજીત વાળા) જેમનાં મુખે થી નિકળતુ હોય રામ જેમનાં કામ માં હોય રામ એમનું રાહ જોવે ગામ આજરોજ ડાભાળી ગામમાં ભાભલુબાપુ વાળા ના આંગણે પધારતા એવાં વિ.એચ.પી.ના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ડો.પ્રવિણભાઈ તોગડીયા સાહેબે શુભેચ્છા મુલાકાતે આવેલ હતા. આ સ્નેહ ભરી મુલાકાત કરી બાહોશ પત્રકાર શ્રી રણજીતભાઈ વાળા તથા ડાભાળી ગામના સરપંચ શ્રી ચંદ્રેશભાઈ વાળા, દિલુભાઈ વાળા, રાજુભાઈ બાંભરોલીયા કનુભાઈ બાંભરોલીયા સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ શુભેચ્છા મુલાકાત ની ખૂબ સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી. પધારેલ અતિથિ એ પણ સરાહના કરી હતી.

### હનુમંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ દ્વારા

## તલગાજરડામાં વર્લ્ડ હાર્ટ ડેની ઉજવણી કરાઇ

### આરોગ્ય જાગૃતિ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવામાં આવ્યાં

રાજુલા, (કનુભાઈ વરૂ) વર્લ્ડ હાર્ટ ડેના દિવસે, હનુમંત ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ દ્વારા પીએચસી તલગાજરડા ખાતે ખાસ કાર્યક્રમ યોજાયો, જે હૃદય આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવાનો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો હતો. આ કાર્યક્રમનું નેતૃત્વ માનનીય મેડિકલ ઓફિસર ડો. મયુર અને ડો. હેતલ આયુષ અને સમર્પિત ફેકલ્ટી મેમ્બરશ્રી, કમ્યુનિટી વિભાગના શ્રી જિગ્નેશ અને મિસ હેતલએ કર્યું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ નર્સિંગ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલ સ્કિટ હતું, જે હૃદયરોગના નિવારણ અને આરોગ્યદાયક જીવનશૈલીને પ્રોત્સાહિત કરવા પર કેન્દ્રિત હતું. આ સ્કિટ ગામલોકોને જાગૃત કરવા અને વિદ્યાર્થીઓને આરોગ્ય જાગૃતિમાં સક્રિય ભાગ લેવા પ્રેરિત કરવા માટે રજૂ કરવામાં આવી હતી. ડો. મયુર અને ડો. હેતલએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન મુખ્ય માર્ગદર્શન આપ્યું, જેમાં હૃદય આરોગ્યના મહત્વ પર ભાર મૂક્યો. જયારે શ્રી જિગ્નેશ અને મિસ હેતલએ વિદ્યાર્થીઓને કોમ્યુનિટી હેલ્થ પ્રોમોશનના તેમના પ્રયત્નો ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કર્યા. આ કાર્યક્રમ સફળ સાબિત થયો અને વિદ્યાર્થીઓ તેમજ ગામલોકોને હૃદય કાળજી માટે પ્રેરણા આપી.

## અમદાવાદમાં પોલીસની ઓળખ આપી હુમલો કર્યો

અમદાવાદ, અમદાવાદમાં પોલીસની ઓળખ આપીને એક પરિવાર પર હુમલો કરવામાં આવ્યો છે. અસારવા સિવિલની કેન્સર હોસ્પિટલના ગેટ સામે મારામારી થઈ હતી. બાદમાં આશાપુરા પાર્લર માં કામ કરતા વેપારી અને તેના પરિવાર પર હુમલો કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં પોલીસની ઓળખ આપીને એક પરિવાર પર હુમલો કરવામાં આવ્યો છે.

## જાફરાબાદના લોઠપુર પાસે વળાંકમાં બે દિવસથી ટ્રક ભરેલો ખુંચી ગયો



જાફરાબાદનાં લોઠપુર પાસે આવેલા વળાંકમાં બે દિવસથી ભરેલો ટ્રક ખુતી જતા ટ્રાફિકને અસર પહોંચી હતી. આવતા જતા વાહનોએ પણ મુશ્કેલી વેઠવી પડતા યોગ્ય પ્રબંધ કરવા લોક માંગણી ઉઠી છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

## ગીર સોમનાથ જિલ્લામાં મગફળી, મગ, અડદ અને સોયાબિનની ટેકાના ભાવે ખરીદી થશે


### તા. ૩ થી તા. ૩૧ ઓક્ટો. સુધી ઓનલાઇન નોંધણી થઈ શકશે

ગીરસોમનાથ, ભારત સરકાર દ્વારા ખરીફ ૨૦૨૪-૨૫માં પ્રાઈસ સપોર્ટ સ્કીમ એટલે કે ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરી છે. ટેકાના ભાવે મગફળી, મગ, અડદ અને સોયાબિનની ખરીદી થશે. ભારત સરકાર દ્વારા પ્રતિ ક્વિન્ટલ મગફળી માટે રુ.૬,૭૮૩, મગ રુ.૮,૬૮૨, અડદ રુ.૭,૪૦૦ અને સોયાબિન રુ.૪,૮૯૨ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે. ઉક્ત ખરીફ પાકની ટેકાના ભાવે ખરીદી તા. ૧૧ નવેમ્બર, ૨૦૨૪થી શરુ થશે. ખરીફ ઋતુમાં મગફળી, મગ, અડદ અને સોયાબિનનું વાવેતર કર્યું હોય અને ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા હોય તેવા ખેડૂતોએ ઓનલાઈન રજિસ્ટ્રેશન ઓકટોબર-૨૦૨૪ની તા.૩ થી તા.૩૧ સુધી રજિસ્ટ્રેશન કરાવવું. ગ્રામ્ય કક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્ર ખાતેથી વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (વીસીઈ) મારફતે નોંધણી નાફેડના ઈ-સમૃદ્ધ પોર્ટલ પર થઈ શકશે. તેમ ગીર સોમનાથ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની એક યાદીમાં જણાવાયું છે.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

## મહુવામાં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા ઈનામ મહોત્સવ ૨૦૨૪ની ઉજવણી



મહુવા,

શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા ઈનામ મહોત્સવ - ૨૦૨૪ યોજાયો. 'શ્યામ યુવક મિત્ર મંડળ' દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બાળકોનો નૃત્ય અને રમતોમાં ઉત્સાહ હતો. 'ગાંડિવ એકેડમી' દ્વારા શ્રેષ્ઠ પરીક્ષા પરિણામ માટે ટ્રોફી, સન્માન પત્ર અને ૫૦૦નું આપવામાં આવ્યું. જ્ઞાતિના દાતાઓ દ્વારા વિદ્યાર્થીઓને ભેટો આપવામાં આવી અને તેમને પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમના અંતે સૌએ રાષ્ટ્રગાન ગાયું અને જમણવારનો આનંદ માણ્યો હતો.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

## જુનાગઢમાં શ્રી જલારામ મંદિરના લાભાર્થે ભવ્ય રાસોત્સવ યોજાશે

### લોહાણા સમાજ આયોજીત ગરબીમાં જનમેદની ઉમટી પડશે

જુનાગઢ, (હિતેષ પારેખ)

જુનાગઢમાં જલારામ મંદિરના લાભાર્થે રાસોત્સવનું આયોજન થયું છે. લોહાણા સમાજની ગરબીમાં ભાવિકો ઉમટી પડશે. હું છું રઘુવંશીના નામે આયોજન અંગે રઘુવંશી કલબના રસીકભાઈ પોપટે જણાવ્યું કે શહેરના આઝાદ ચોકમાં લોહાણા સમાજના આરાધ્ય દેવ જલારામ બાપાના ભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહ્યું હોય ત્યારે તેના લાભાર્થે રાસોત્સવ તા. ૩ થી ૧૨ ઓકટોબર સુધી બાયપાસ રોડ પરના મધુવન પાર્ટી પ્લોટમાં યોજાશે. આ રાસોત્સવ માત્ર રઘુવંશી પરિવારો માટે જ રહેશે. આયોજન સફળ બનાવવા મુખ્ય આર્થિક સહયોગ રઘુવંશી સમાજ અગ્રણી સંજયભાઈ મશરૂ અને ઝલક મશરૂના માર્ગદર્શન નીચે શ્રી રાજેશ ઠકકર, શ્રી માધવ વિઠલાણી, શ્રી ચેતન તન્ના, શ્રી સંજય પોપટ, શ્રી વિપુલ આડતીયા, શ્રી રશ્વિન કારીયા, શ્રી શ્યામ રાયચુરા, શ્રી રામ મશરૂ, શ્રી ગોપાલ કોટેચા, શ્રી રવિ સુબા, શ્રી શશી રૂપારેલીયા સહિતના લોહાણા સમાજના કાર્યકરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

## ગઢશીશામાં સ્વચ્છતાના શપથ લેવાયા

ભુજ,

'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત કચ્છ જિલ્લામાં શાળાઓમાં વેસ્ટ ટુ આર્ટ અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું તથા ઔદ્યોગિક વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ જિલ્લામાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે આજરોજ વેસ્ટ ટુ આટ અંતર્ગત જિલ્લાની શાળાઓમાં પ્રતિસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત રિસાયકલ કરેલી સામગ્રી - ઉત્પાદનોનો ઉપયોગ કરીને આર્ટ ઈન્સટોલેશન્સનું પ્રદર્શન તેમ જ કચરાને કલામાં રૂપાંતરિત કરવા અને સમુદાયના ગૌરવને પ્રોત્સાહન આપતી સર્જનાત્મક પહેલ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રવૃત્તિ યોજાઈ હતી. આ સાથે જિલ્લામાં ઔદ્યોગિક સંગઠનોના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છતા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જુદા જુદા ઔદ્યોગિક એકમોના કર્મચારીઓએ ઔદ્યોગિક વિસ્તારમાં સઘન સાફ સફાઈ હાથ ધરી હતી. સાફ સફાઈ કર્યા બાદ સહભાગી થયેલા ઉપસ્થિત સર્વે પોતાની આસપાસ સ્વચ્છતા જાળવવા તેમજ કાયમી સ્વચ્છતાનો આગ્રહ રાખી અન્ય લોકોને પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા માટે 'સ્વચ્છતા શપથ' લીધા હતા. જેમાં ગઢશીશામાં જીએમડીસીના કર્મચારીઓ દ્વારા સ્વચ્છતા રેલી યોજાઇ હતી આ સાથે કર્મચારીઓએ 'સ્વચ્છતા શપથ' લીધા હતા.

# ખાંભા પંથકમાં બપોર બાદ એક કલાકમાં ધોધમાર બે ઇંચ વરસાદ

## ભારે વરસાદના કારણે ખેતી પાકોમાં નુકશાન થવાની સંભાવના

અમરેલી,અમરેલીશહેર અને જિલ્લામાંઆજે મોટા ભાગે વરાપ વચ્ચે ખાંભા પંથકમાં બપોર બાદ એકાએક વાતાવરણમાં પલ્ટો આવતાં એક કલાકમાં ધોધમાર બે ઈંચ જેવો વરસાદ પડયો હતો. ખાંભા, નાનુડી, દાઢીયાળી, ભાવરડી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતાં ખેતરોમાં પાણી ભરાયાં હતાં. ભારે વરસાદના કારણે ખેતી પાકોમાં નુકશાની સંભાવના જોવા મળી રહી છે.

### નામ બદલાવેલ છે

આથી હું કુંડલીયા નિજામ જાકુબભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ કુંડલીયા નિજામ જાકુબ માંથી બદલાવીને કુંડલીયા નિજામ જાકુબભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું કુંડલીયા નિજામ જાકુબભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.
સહી : કુંડલીયા નિજામ જાકુબભાઇ
એડ્રેસ : મેઇન બજાર, આંબલી પેઢા, ભાડેલાવાડ, ગામ : જાફરાબાદ, જી.અમરેલી - ૩૬૫૫૪૦

### જાહેર નોટીસ

**મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૬૭/૨૦૨૪
અરજદારશ્રી :- શ્રી વિઠલભાઈ શામજીભાઈ વિરાણી રહે.બાઢડા, તા.સાવરકુંડલા
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી બાઢડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી વિઠલભાઈ શામજીભાઈ વિરાણીનો જન્મ તા.૦૧-૦૬-૧૯૫૨ ના રોજ મુ.બાઢડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૨૩-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
**મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૨૯/૨૦૨૪..................તા.૨૬-૦૯-૨૦૨૪
વિવાદી :- શ્રી પ્રાગજીભાઈ વાલજીભાઈ ગોલ રહે.મતીરાળા, તા.લાઠી, જી.અમરેલી
વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી મતીરાળા ગ્રામ પંચાયત, તા.લાઠી

### જાહેર નોટીસ

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે મતીરાળા ગામના રહીશ આ કામના અરજદારશ્રી પ્રાગજીભાઈ વાલજીભાઈ ગોલનો જન્મ તા.૦૧-૦૬-૧૯૫૫ ના રોજ મોજે મતીરાળા, તા.લાઠી મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૩૦-૦૮-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૧-૧૦-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૬-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લાઠી**

---

### જાહેર નોટીસ

**મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૧૯૧/૨૦૨૪
અરજદારશ્રી :- શ્રી મગનભાઈ રાઘવભાઈ રામાણી રહે.નાના વરાછા, સુરત
વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી વંડા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મગનભાઈ રાઘવભાઈ રામાણીનો જન્મ તા.૨૮-૦૧-૧૯૬૯ ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.
આજ તા.૨૪-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
**મામલતદાર અને એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલા**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૪/૨૦૨૪..................તા.૨૫-૦૯-૨૦૨૪
વિવાદી :- શ્રી કિશોરભાઈ ભીખાભાઈ રાઠોડ રહે.ખોખા ડાંગરના ચોરા પાસે, તા.લાઠી
વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી કેરીયા ગ્રામ પંચાયત, તા.લાઠી

### જાહેર નોટીસ

(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે કેરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતા પ્રભાબેન ભીખાભાઈ રાઠોડનું મરણ તા.૧૩-૦૮-૧૯૯૯ ના રોજ મોજે કેરીયા, તા.લાઠી મુકામે મરણ થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૧-૦૮-૨૪ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૨૪-૧૦-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૬-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

કોર્ટનો સિક્કો
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લાઠી**

---

**મામલતદાર અને તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, બાબરા**

**જન્મ/મરણ પરચુરણ અરજી નં.૫૪/૨૪...............તા.૨૬-૦૯-૨૦૨૪**
વિવાદી :- શ્રી લાલજીભાઈ ગોબરભાઈ મેણિયા રહે.લાલકા, તા.બાબરા
વિરૂધ્ધ...પ્રતિવિવાદી : જન્મ મરણ નોંધણી અધિકારી લાલકા ગ્રામ પંચાયત

### જાહેર નોટીસ

(જન્મના દાખલા માટે)

આથી લાગતા વળગતાને સર્વે આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે લાલકા ગામના રહીશ આ કામના અરજદારશ્રીની પુત્રી ભુમિબેન લાલજીભાઈ મેણિયાનો જન્મ તા.૨૬-૦૨-૨૦૧૪ ના રોજ મોજે લાલકા, તા.બાબરા, જી.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય / જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૩-૦૯-૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૦-૧૦-૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
**તાલુકા એકિઝક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા**

---

### શ્રી કેરાળા ગ્રામ પંચાયત તા.લાઠી, જી.અમરેલી

**-:: જાહેર હરરાજી ::-**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના કેરાળા ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર નં.૫૯ અને આંગણવાડી કેન્દ્ર નં.૬૦ આ બંને આવેલ છે. તેનો માલ-સામાન લઇ તળીયુ સાફ અને સમતળ કરી આપવાની જાહેર હરરાજી નીચે જણાવેલ સ્થળ, તારીખ અને સમયે રાખવામાં આવેલ છે. હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટની રકમ રૂા.૫૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ભરવાની રહેશે.

હરરાજીની તારીખ : ૦૯-૧૦-૨૦૨૪
ડિપોઝીટ ભરવાનો સમય : સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦
હરરાજીનો સમય : સવારે ૧૧:૦૦ કલાકે
સ્થળ : આંગણવાડી કેન્દ્ર મુ.કેરાળા
હરરાજીની બોલીઓ અને શરતો હરરાજીના દિવસે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

| | |
|---|---|
| સરપંચશ્રી | તલાટી કમ મંત્રીશ્રી |
| કેરાળા | કેરાળા ગ્રામ પંચાયત |
| તા.લાઠી, જી.અમરેલી | તા.લાઠી, જી.અમરેલી |


### શ્રી કેરાળા પ્રાથમિક શાળા, તા.લાઠી, જી.અમરેલી

**-:: જાહેર હરરાજી ::-**

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના કેરાળા ગામે પ્રાથમિક શાળામાં આવેલ જર્જરીત રૂમ-૮ (આઠ) સ્લેબવાળા તથા મધ્યાહન ભોજન રસોડું - ૧ તથા સેનીટેશન - ૨ (બે) તથા કમ્પાઉન્ડ વોલ આવેલ છે. તેનો માલ-સામાન લઇ તળીયુ સાફ અને સમતળ કરી આપવાની જાહેર હરરાજી નીચે જણાવેલ સ્થળ, તારીખ અને સમયે રાખવામાં આવેલ છે. હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટની રકમ રૂા.૫૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ભરવાની રહેશે.

હરરાજીની તારીખ : ૦૯-૧૦-૨૦૨૪
ડિપોઝીટ ભરવાનો સમય : સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦
હરરાજીનો સમય : સવારે ૧૧:૩૦ કલાકે
સ્થળ : શ્રી કેરાળા પ્રાથમિક શાળા, તા.લાઠી, જી.અમરેલી
હરરાજીની બોલીઓ અને શરતો હરરાજીના દિવસે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

| | |
|---|---|
| શાળા વ્યવસ્થાપન સમિતી | આચાર્યશ્રી |
| કેરાળા | કેરાળા પ્રાથમિક શાળા |
| તા.લાઠી, જી.અમરેલી | તા.લાઠી, જી.અમરેલી |

શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેકટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક

લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક
મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી

શ્યામ
આંખની હોસ્પિટલ
ડૉ. કપિલ બી. વરૂ
એમ.એસ. (ઓપ્થેલ.)
ફેલો મેડિકલ રેટિના
મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત
: મેઈન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ, એંજલ સિનેમાની સામે, માણેકપરા, અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦
: અન્ય બ્રાન્ચ :
: બાબરા :
ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ, બાબરા. મો. ૮૨૩૮૩ ૦૬૦૦૦
: ધારી :
ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે, અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦
: રાજુલા :
શિવશકિત શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે, કોહિનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦
: સાવરકુંડલા :
રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે, મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦



Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ

• લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL

સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી
Appointment Now M.8238599299

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/- | કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોલમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ , કૈલશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025

પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- | કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઈન્ટમેન્ટ માટે : Mo.70169 65665



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા આયોજિત
**વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ 2024માં આપ સૌનું હાર્દિક સ્વાગત છે**



# ચાલો ઉજવીએ, વિશ્વનો સૌથી લાંબો અને ગુજરાતનો સૌથી ભવ્ય ગરબા મહોત્સવ

-: ઉદ્‌ઘાટન :-
**શ્રી અમિતભાઈ શાહ**
કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીના વરદ્‌હસ્તે

-: વિશેષ ઉપસ્થિતિ :-
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

3 ઑક્ટોબર, 2024 સાંજે 8:00 વાગ્યાથી
ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ, હેલ્મેટ ચાર રસ્તા પાસે, અમદાવાદ




## કાર્યક્રમ

**ઉદ્‌ઘાટન સમારોહ**
3 ઑક્ટોબર, 2024, "જય મા આદ્યશક્તિ"ની થીમ પર મલ્ટિમીડિયા સાંસ્કૃતિક કાર્યક્રમ અને મહાઆરતી

**શેરી ગરબા**
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 09.00 થી 11:45 વાગ્યા સુધી (પરંપરાગત પહેરવેશ ફરજિયાત)
જાણીતા કલાકારો દ્વારા મુખ્ય મંચ પર પ્રસ્તુતિ

**મહાઆરતી**
4 થી 11 ઑક્ટોબર, 2024, રાત્રે 11:45 વાગે

**અન્ય મુખ્ય આકર્ષણો**
3 થી 11 ઑક્ટોબર, 2024, સાંજે 05:00 થી રાત્રીના 12:00 વાગ્યા સુધી
થીમ પેવેલિયન | હસ્તકલા બજાર | ફૂડ સ્ટૉલ | બાળ નગરી | થીમેટિક ગેટ્સ | વિવિધ ઇન્સ્ટોલેશન

Gujarat Tourism
**ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ**
ઉદ્યોગ ભવન, બ્લોક નંબર 16, ચોથો માળ, સેક્ટર-11, ગાંધીનગર - 382 010
**ટોલ ફ્રી નંબર:** 1800 203 1111 | **વેબસાઇટ:** www.gujarattourism.com

વધુ વિગતો માટે QR સ્કેન કરો

(જાહેર જનતા માટે નિઃશુલ્ક પ્રવેશ)